
# અધ્યાત્મ

જાન્યુઆરી - ૨૦૦૧




વર્ષ : ૨૨

અંક : ૪

## * પ્રભુ કૃપાનું બળ *

નિર્મળતાને કાયમ રાખવાનું કામ કપરું છે. વધારે ભાગના લોકોની તે માટેની મૂંઝવણ, મહેનત ને મુશ્કેલીનો ખ્યાલ મળે છે. પરંતુ મનની પવિત્રતા જાળવી રાખવાનું કામ સાધ્ય છે અને શક્ય પણ છે. તન અને મનની નિર્મળતાને કાયમ રાખીને માણસ કામવાસનાથી મુક્તિ મેળવી જ ના શકે એમ માનવામાં માનવઆત્માની અસીમ શક્તિનું અપમાન રહેલું છે ને ઈશ્વરની અનંત અનુકંપાની પણ અવગણના છે. વધારે ભાગના માણસો કામવાસનાના શિકાર થવામાં જ શ્રેય સમજતા હોય ને તે વિના જીવન નિરસ થઈ જશે, તેવો ઉતાવળિયો અભિપ્રાય આપવા તૈયાર થતાં હોય, વળી કામવાસના સામેના જંગમાં ઝઝૂમતા ને લડતાં લડતાં કેટલાક લોકો હતાશ ને ઘાયલ થઈ જતા હોય; કે કોઈ નિર્બળ મનના માણસો એક જ તીર વાગતાં તેનું શરણ સ્વીકારતા હોય; તેથી કાંઈ એમ ના કહેવાય કે કામવાસના જીવનનું આવશ્યક અંગ છે ને તેને જીતવાનું કામ તદ્દન અશક્ય છે. માણસ જો ધારે તો તે કામને સહેલું કરી શકે છે. તે માટે પ્રભુનું શરણ લઈને પ્રભુપ્રાર્થનાનો આધાર લેવાની આવશ્યકતા છે. પ્રભુની પ્રાર્થનાદ્વારા પ્રભુની કૃપા મળતાં માણસ મોટામાં મોટી મુશ્કેલીઓને પણ જીતી શકે છે. કામવાસના તો એક સાધારણ વાસના છે. તેના કરતાં પ્રભુની કૃપાનું બળ ઘણું મોટું છે. જેના મનમાં વિશ્વાસનો એ ભાવ જાગી જાય છે તેનું કામ સીધું ને સહેલું બની જાય છે.

**યોગેશ્વરજી**


# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૪-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫-૦૦

વિદેશમાં રૂા. ૨૫૦-૦૦ (વિમાનથી)

⊗ **સંસ્થાપક :** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).

⊗ **તંત્રી-સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.

⊗ **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.

⊗ **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની. ફોન : **૫૬૫૮૧૧**

⊗ **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧. ફોન : **૫૧૬૫૫૧**


**• લેખકોને નિમંત્રણ •**

⊗ અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે. ⊗ લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**• 'અધ્યાત્મ' અંગે સૂચનો •**

⊗ ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો. ⊗ 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો. ⊗ 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે. ⊗ પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે. ⊗ 'અધ્યાત્મ'અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે. ⊗ દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | તંત્રી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| પૂ. બાપજીની દૃષ્ટિએ પરમ પૂજ્ય માનું સમાધિદર્શન | વિજય પાલનપુરી | ૮ |
| કેલગરી શિબિર મારા માટે કેવી? | પંકજ ઈશ્વરભાઇ ભક્ત | ૧૭ |
| પ. પૂ. રણછોડદાસજી સાથેના પ્રેરક પ્રસંગો | સ્વ. પરમાર્થી | ૧૯ |
| ઈશાવાસ્ય ઉપનિષદ્ (૨) | યોગેશ્વરજી | ૨૭ |
| સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ | ડૉ. બી. જે. જાગાણી | ૩૩ |
| Meeting with MAA Sarweshwari (2) | Usha Desai | ૩૭ |
| પૂ. મા શ્રી સર્વેશ્વરી સાથેની મુલાકાત–(૨) | તંત્રી | ૪૫ |
| સંત સમાગમ | યોગેશ્વરજી | ૫૨ |
| શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું | યોગેશ્વરજી | ૫૯ |
| સ્વીકાર | મા સર્વેશ્વરી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# * અભિનંદનીય સહાય *

અધ્યાત્મ માસિકના જાન્યુઆરી, ૨૦૦૧ ના અંકની પ્રસિદ્ધિનો બધો ખર્ચ, પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી, પનામાના સત્સંગ મંડળ તરફથી આપવામાં આવી રહ્યો છે. આ સત્કાર્યમાં પનામાના શ્રી વસંતભાઇ પી. ભક્ત અને શ્રી ગુલાબબેન ભક્તનો ફાળો ઉલ્લેખનીય છે, સત્સંગ મંડળનાં જે કોઇ ભાઇબહેનોએ અધ્યાત્મને સહાય કરી છે, તે સહુ ખરે જ અભિનંદનને પાત્ર છે. મા–પ્રભુ તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે એ જ પ્રાર્થના. અત્યારે તેમ જ અગાઉ પરદેશના સત્સંગપ્રેમી ભાઇબહેનો તરફથી સહાય મળેલી એટલે તો રોજ રોજ વધતા જતા ભાવો વચ્ચે પણ અધ્યાત્મ છેલ્લાં ૨૧ વર્ષોથી આટલા સામાન્ય લવાજમના દરે વાંચકોને આપી શક્યા છીએ. આથી સહાય કરનાર સહુના અમે આભારી છીએ.

— તંત્રી

# અધ્યાત્મ


વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૨ જાન્યુઆરી–૨૦૦૧ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૭/૮/૮૧ સોમવાર, શ્રાવણ વદ બીજ, ૨૦૩૭**
**૨૭બી થી લેસ્ટર, ઇંગ્લેન્ડ.**

આ દેશમાં સોમવારનો દિવસ એટલે કામ ઉપર જવાનો દિવસ અને શુક્રવાર એટલે પગારનો દિવસ. પાંચ જ દિવસ કામ ઉપર જવાનું. શનિરવિ રજા. રેલ્વે અને પોસ્ટ સિવાય બધે જ રજા.

અહીંનું જીવન એવું કે ઘરમાં બધાએ જ નોકરી કરવી પડે. ઘણાં બાળકો ભણે ને સાથે નોકરી કરે. ઘણાં ભણ્યા પછી નોકરીમાં જોડાય. જો કે અહીં પણ આજકાલ બેકારી તો છે જ.

સમયસર નિત્યક્રમ શરૂ થયો. સમય પ્રમાણે શ્રી અંબાલાલ-



ભાઇનો નાનકડો પુત્ર કૌશિક દૂધ લઇને આવે છે. ચંદનતિલક કરી પ્રણામ કરીને તે વિદાય થાય છે. શ્રી અંબાલાલભાઇએ પરદેશમાં રહીને પણ બાળકમાં કેવા સુંદર સંસ્કારોનું સિંચન કર્યું છે તે જોવા મળ્યું. પૂ. શ્રી દૂધ લઇ લે છે અને લેખન તો ચાલુ જ રહે છે. સર્વેશ્વરી નોંધ લખે છે.

સાડા અગિયારની આજની મુલાકાતમાં 'અધ્યાત્મ' વિશે ચર્ચા થાય છે. એક બેનને પૂ. શ્રી સ્વપ્નદ્વારા ઘણીવાર અનુભવો આપે છે તે વાતો જાણવા મળી.

આજે હાથે ખીચડીશાક બનાવી દહીં સાથે ભોજન લીધું. પંદરમી ઓગસ્ટે મંત્ર લેનાર ભાઇનો ફોન આવ્યો કે આજે અધ્યાત્મની વાત જાણી મને આજીવન સભ્ય બનવાનું મન થયું છે. તો હમણાં જ એ લવાજમ આપવા આવી શકું? પૂ. શ્રીએ વિનાવિલંબે જવાબ વાળ્યો, "ના, સાંજે ૫–૩૦ વાગ્યે લેસ્ટર જવા વિદાય થઇશું ત્યારે આવીને આપી શકા છો." નિયમિતતાના આગ્રહી પૂ. શ્રીને કોણ ચળાવી શકે છે?

સાંજે વિદાયવેળા આવી પહોંચી. પંદરવીસ ભાઇબેનો નોકરી ઉપરથી રજા લઇને સંતપુરુષની વિદાયમાં હાજર રહ્યા. શ્રી દુર્લભભાઇ પરદેશમાં સૌ પ્રથમ આજીવન સભ્ય થયા. લવાજમની રસીદ પૂ. શ્રીએ પોતાના હાથે બનાવી. એ એક વિશેષ નોંધપાત્ર ઘટના છે.

શ્રી અંબાલાલભાઇ પણ આવી ગયા. પૂ. શ્રીને પ્રણામ કરી કહ્યું, "ગુરુજી, ભૂલચૂક માફ કરજો. ફરી ૨૭બી જરૂર પધારજો." પૂ. શ્રીએ જવાબમાં કહ્યું, "ખૂબ ખૂબ નામજપ કરો ને શાંતિ પામો."

સૌએ પ્રણામ કર્યા. બે–ત્રણ બેનોએ પોતાનો પ્રેમભાવ વ્યક્ત કરતાં કહ્યું, "ફરી જલ્દી જલ્દી પધારજો. હવે અહીંથી તમે જ્યાં જ્યાં જશો, ત્યાં ત્યાં વધુને વધુ ભાવિક ભાઇબેનો મળશે તો અમને ભૂલશો નહીં. અધ્યાત્મમાં મા સર્વેશ્વરી વિશે વાંચતા, હવે આ વખતે જોવા મળ્યાં. ભજનો સાંભળ્યાં. ખૂબ ખૂબ આનંદ મળ્યો. તમારા અનુભવો સાંભળવામાં ખૂબ આનંદ આવ્યો. ફરી જલ્દી જલ્દી આવજો." એ બેનોના શબ્દો સાંભળી સર્વેશ્વરીએ કહ્યું, "તમારું રગ્બી તો ગોકુળ જેવું છે. અમને તો અહીં જ રહી જવાનું ગમે છે. અનુકૂળતાએ જરૂર આવીશું."

સૌની ભાવભરી વિદાય લઇ રગ્બીથી એક કલાકમાં લેસ્ટર-નામના મોટા શહેરમાં આવી ગયાં. શ્રી હિન્દુમંદિરના કાર્યકર્તા શ્રી ગોવિંદભાઇને મળવાનું બન્યું. મૂકવા આવનાર ભાઇઓ વિદાય થયા.

આજથી હિન્દુમંદિરમાં પ્રવચનો હતાં. મંદિરમાં પૂ. શ્રીની બેઠક એક વ્યાસપીઠ ઉપર હતી. એની પાસે ખુરશી મૂકવામાં આવી, જેના ઉપર સર્વેશ્વરીની બેઠક હતી.

શરૂઆતમાં પરિચય આપી પરમપૂજ્ય માતાજી માટે શાંતિની પ્રાર્થના કરી, સ્વાગત થયું. પૂ. શ્રીએ આજે ભક્તિયોગ ઉપર પ્રવચન આપ્યું. પ્રવચનમાં પૂ. શ્રીએ સર્વેશ્વરી રામાયણ પારાયણ પણ કરે છે તે વાત પણ આવી.

પ્રવચનને અંતે મંદિરના બીજા મુખ્ય સંચાલકે પૂ. શ્રીને વિનતિ કરી કે સર્વેશ્વરી અમને રામાયણ પારાયણનો કાર્યક્રમ આપે. આપ અમને એનો સમય આપો. એ માંગણીના ઉત્તરમાં પૂ. શ્રીના તા. ૨૪ થી ૩૦ અહીં જ રામાયણ ઉપર પ્રવચનો ગોઠવાયાં. પ્રવચનબાદ પૂ. શ્રીને મંદિર તરફથી પ્રસાદીમાં દૂધ આપવામાં આવ્યું.



લેસ્ટરમાં પૂ. શ્રીનો ઉતારો શ્રી સનાતનમંદિરના અતિથિ-ગૃહમાં હતો, જેથી ત્યાં જવાનું બન્યું. સનાતનમંદિરથી ચોથું મકાન ઉતારાનું હતું. સનાતનમંદિરના સૌ કાર્યકર્તાઓને મળવાનું બન્યું. એક–બે ભાઇઓએ અહીં પોતાને ત્યાં જ દરરોજ ભોજન માટેનું આમંત્રણ આપ્યું. પૂ. શ્રીએ પોતાનો નિયમ જણાવ્યો. તે ભાઇઓએ સમજપૂર્વક શાંતિ રાખી.

સનાતનમંદિરમાં તા. ૧૪–૯–૮૧ થી ૧૮–૯–૮૧ ના પ્રવ-ચનનો કાર્યક્રમ પૂ. શ્રીનો ગોઠવાયો.

સનાતનમંદિરમાં શ્રી દામોદર શાસ્ત્રીની શાસ્ત્રીયસંગીત સાથે ભાગવત સપ્તાહ ચાલી રહી હતી. તે કથા પૂરી થતાં શ્રી દામોદર શાસ્ત્રી પૂ. શ્રીને મળે છે. શાસ્ત્રીજીએ ખૂબ પ્રેમપૂર્વક નીચા નમી ભાવપૂર્વક પ્રણામ કરતાં પૂ. શ્રીને કહ્યું, "પ્રભુ, આપના દર્શનની ઘણા દિવસથી ઇચ્છા હતી. મેં અમેરિકામાં આપનું ધર્મનો મર્મ પુસ્તક વાંચ્યું હતું."

પૂ. શ્રી : "મેં પણ આપની ઘણી પ્રશંસા સાંભળી હતી. તમારા પ્રવચનની ટેઇપ પણ સાંભળવા મળી હતી. સારું થયું. આજે તમારું પણ દર્શન થયું." બીજી થોડી વાતો થઇ છૂટા પડયા.

અતિથિગૃહમાં ઉપરના ભાગમાં ઉતારો હતો.જે પરમશક્તિ વિદેશની ધરતી ઉપર લાવી એ જ શક્તિ પોતાની યોજનાને ઇચ્છામુજબ પૂ. શ્રીનો કાર્યક્રમ આગળ ને આગળ ઘડયા કરતી હોય એવું સ્પષ્ટ રીતે અનુભવાય છે. પ્રવચનો માટે ક્યાંયે વિનતિ કરવાની રહેતી નથી. કાર્યક્રમ આપોઆપ ગોઠવાયા કરે છે. કેવી પ્રભુની કૃપા! (ક્રમશઃ)

પૂ. બાપજીની દૃષ્ટિએ

# પરમ પૂ. માનું સમાધિદર્શન

વિજય પાલનપુરી

વિ. સં. ૨૦૫૭ કારતક સુદ ૧ ના બેસતા વરસનો પ્રથમ દિવસ પ. પૂ. માના સાન્નિધ્યે પરમ સુખદ, પરમ આનંદયુક્ત ચીરસ્મરણીય બની રહ્યો. આજે સવારના સત્સંગની બેઠકમાં ધ્યાનના સમયે પૂ. માના અસાધારણ દેવદુર્લભ દર્શનનો લ્હાવો મળ્યો. એમતો જ્યારે પણ પૂ. માના દર્શન થાય છે, ત્યારે એમના-માં, દિવ્યતા અલૌકિકતા અનુભવાયાવિના નથી રહેતી. છતાં આજે જે દર્શન થયું તે તો સદ્‌ભાગ્ય હોય, મા–પ્રભુની પરમ કૃપા હોય, તો જ એ દર્શનનો લ્હાવો ને લાભ મળે. આજનું દર્શન પૂ. માની આધ્યાત્મિક (સમાધિ) અવસ્થાને ખૂબ સ્પષ્ટપણે સમજવામાં સહાયતા કરનારું અને સાધકોને પરમ પ્રેરણા ધરનારું હતું.

અહીં બહેનો અને ભાઇઓ માટે અલગ અલગ ટી. વી.ની વ્યવસ્થા કરવામાં આવી છે. હોલમાં પૂ. માના આસનની બંને બાજુએ દૂર ટી. વી. મૂક્યા છે. ટી. વી. શરૂ થતાં જ અમારા સૌની આંખો મન સાથે આજના નૂતનવર્ષે નૂતન દર્શન માટે જોડાઇ ગઇ. પૂ. મા ખૂબ ઝડપથી સ્વસ્થ, આકર્ષક ચાલે હંસ ગતિએ ચાલતાં હતાં. એક હાથમાં ગૌમુખી (માળા) હતી તો બીજો હાથ હવાને ગતિ આપતો હોય એમ તેજીથી આગળ પાછળ થતો હતો. પૂ. માની ચાલમાં ક્યાંય સ્થૂળતા દેખાતી ન હતી. જાણે કે માના શરીરમાં સ્થૂળતત્ત્વોનો ભાર જ નથી. હવાની લહરની જેમ



ચાલતાં હતાં. પૂ. માનાં ટોપી, કોટ, સાડી, ચણીયો, મોજડી સર્વ કાંઇ શ્વેત હતાં. આ શ્વેત વસ્ત્રો, આ ચાલ, એ સૌમ્ય મુખમંડળ વગેરે સર્વ કાંઇ જોતાં એ તો એહસાસ થતો હતો કે દિવ્ય-લોકમાંથી મા ભગવતી સ્વયં વિહાર કરવા ઉતરી ન આવ્યાં હોય! ટી. વી.માં ફક્ત માનાં જ દર્શન થતાં હતાં, તેથી અન્ય કોઇ પણ વ્યક્તિ કે દૃશ્યમાં મન ન જતાં મામય બની રહ્યું.

પૂ. મા નદીના પટમાં પહોંચ્યાં ત્યાં નાનામોટા ગોળ દેખાતા પત્થરો જોઇને શ્રી ગંગાજીની યાદ આવી ગઇ. નદીકિનારે પહોંચતાં જ પૂ. માએ સર્વપ્રથમ પગની મોજડી ઉતારી ત્યારબાદ ગંગા-સ્વરૂપ પ્રભુ(નદી માતા)ને પ્રણામ કર્યાં. પછી કંઇ પણ આસન બિછાવ્યાવિના, પૂ. મા એ પત્થરોપર બેસી ગયાં, અને પદ્માસન વાળ્યું. હાથને લોપામુદ્રામાં કરી, નયનો બંધ કર્યાં ને અંદરમાં ડૂબી ગયાં.

મારું મન અહીં ને સત્સંગભવનમાં અમારી સામે પ્રત્યક્ષ બેઠેલાં પૂ. માનાં દર્શને જઇ ચઢયું. અહીં પણ પૂ. મા એ જ આસન, મુદ્રામાં બેઠાં હતાં. એકદમ સ્વસ્થ, ટટ્ટાર, શાંત.

સૌ સાધક ભાઇબેનો ટી. વી.માં થતાં દર્શનમાં મગ્ન હતાં. પૂ. મા નદીકિનારે આવતાં હતાં ત્યારે સંગીત જુદું હતું અને અત્યારે જે સંગીત હતું તે એકમાત્ર નદીના વહેણનું જ હતું. પૂ. મા સરિતાને, પ્રકૃતિને, આજુબાજુના વાતાવરણને શોભાવતાં હતાં. કહો કે પૂ. માની આ ઉપસ્થિતિથી પ્રકૃતિ સ્વયં સહજ શોભી ઊઠી હતી.

માના શરીરને જોતાં પૂ. મા ધ્યાનસ્થ બની રહ્યાં હતાં. પણ હવે મારું મન પ્રત્યક્ષના દર્શન માટે સામે જ બીરાજેલાં માના

દર્શને જઇ પહોંચ્યું. તે પૂ. માના મુખમંડળનું દર્શન થતાં જ જણાઇ આવ્યું કે અત્યારે મા ધ્યાનની ઊંડી અવસ્થામાં છે. આ શાંત, દિવ્ય, ધ્યાનમગ્નસ્વરૂપ મનની આકર્ષી રહ્યું. માના નેત્રકમળ (ભારવિના–વિચારરહિત અવસ્થાથી સભર) બંધ હતાં. હોઠ પણ મૃદુતાથી સભર બંધ હતા. ક્યાંય આ ઇન્દ્રિયોના વિરામ પાછળ તનાવ કે બળજબરી દેખાતી ન હતી. સમગ્ર દેહને જોતાં અતિ શાંત સૌમ્યતા, નિર્વિકારીતા, સ્વસ્થતા, અકળ એવી આકર્ષકતા મનને ખેંચતી હતી. પણ યાદ આવ્યું કે ટી. વી.માં થતાં પૂ. માના દર્શનપર ધ્યાન કરવાની સૂચના છે. તેથી પાછું મનને ટી. વી.ના દર્શનમાં જોડયું. છતાં ઝઝે સમય મન ત્યાં ન રોકાતાં સહજ પ્રત્યક્ષના દર્શને આવી રહ્યું. અને હવે તો દર્શન થતાં જ સ્પષ્ટ જણાઇ આવતું હતું કે પૂ. માનું મન ઊંડી સમાધિમાં લીન થયું છે.

આ દર્શન કરતાં કરતાં વિચાર આવ્યો કે પૂ. માના આજ્ઞાચક્રપર મારા મનને–દૃષ્ટિને એકાગ્ર કરું, ને એમ કરવાનું શરૂ કર્યું. એકાદ મિનિટમાં જ મારું મન શાંત થવા લાગ્યું. આંખો બંધ થવા લાગી. ત્યાં જ અંતરમાં એક પ્રબળ વિચાર પ્રકટી આવ્યો. "ના, આજે બંધ આંખે ધ્યાન નથી કરવું. મનને શાંત થવા નથી દેવું." આજે તો પૂ. માની આ ધ્યાનસ્થ અવસ્થાને બહારથી બરાબર જોવી. દેહેન્દ્રિયમાં થતી પ્રાણની ગતિને જોવી ને શક્ય એટલું સૂક્ષ્માતિસૂક્ષ્મ અવલોકન કરવું.

આ વિચારની પાછળ ઈશ્વરીય પ્રેરણા હશે. કારણ કે ઘણી વખત ઉચ્ચ અવસ્થાને ઝંખનારા, મથામણ કરનારા સાધકો તરફથી પૂછવામાં આવે છે કે, "માને સમાધિ થાય છે? કેટલો સમય એકાસન(પદ્માસન)માં બેસી શકે છે? તમે એમને સમાધિઅવસ્થામાં જોયાં છે? વગેરે." તો આવા પ્રશ્નોના સ્વાનુભવ સંપન્ન



જવાબો આપી શકાય તે માટે અત્યારે બાહ્ય લક્ષણો જોવાનો, અવલોકન કરવાનો એક ઉત્તમ અવસર હતો. એમ તો આ પહેલાં પણ પૂ. માને પ્રેમની ઉન્મત્ત અવસ્થામાં, ભાવમગ્ન, ધ્યાનમગ્ન જેવી સવિશેષ અસામાન્ય અવસ્થાઓમાં ઘણી વખત જોયાં અને માણ્યાં છે. પણ અવલોકન કરવાનો વિચાર તો આવ્યો નથી.

વિચાર આવતાં જ ખૂબ ચીવટપૂર્વક યથાસમજ, શક્તિ અનુસાર અવલોકન શરૂ થયું. પૂ. માનું મુખમંડળ સ્વસ્થ શાંતિસભર હતું. નયનો, હોઠ કે કપાળમાં ક્યાંય તનાવ કે વિચારના પરિણામે પ્રકટતી સૂક્ષ્મ ભાવાત્મક રેખાઓ કે ભાર ન હતો. નાસિકા કંઠ-પ્રદેશ, છાતી કે પેટમાં ક્યાંય પ્રાણના સંચારને લીધે થતાં હલન, ચલનનો અભાવ હતો. શ્વાસ, પ્રશ્વાસ પણ શાંત જણાતા હતા. પદ્માસનસ્થ શ્રી ચરણો, તેના પર લોપામુદ્રમાં મુકાયેલા બંને કરકમળો નિશ્ચલ હતા. એક પછી એક એમ વારંવાર એ શ્રી વિગ્રહના અંગોને નીહાળ્યાં પણ ક્યાંય કશી જ ક્રિયાઓ જે એક વિચારશીલ (ચેતન) શરીરમાં જણાય તે નોતી જણાતી.

પૂ. મા નું શરીર મસ્તક જરા પણ હલે તો ખ્યાલ આવે તે માટે પૂ. માની પાછળ રહેલા સ્વરૂપના શ્રી ચરણોમાં મૂકેલાં પુષ્પોની સ્થિરતાના આધારે જોવાનું શરૂ કર્યું. જ્યાં મારી બેઠક હતી ત્યાંથી પૂ. માનાં દર્શન સન્મુખથી થતાં હતાં છતાં લગભગ ત્યાંના ઍંગલથી એ દર્શન થતું હતું. તેથી પૂ. માના મસ્તકની ડાબી બાજુએ અંબોડાની કિનાર દેખાતી તેને એક પુષ્પની પાંખડીની કિનાર સાથે જોડી દીધી. તો જમણી બાજુ પૂ. માના કાનનો જે ભાગ હતો તેને એ બાજુના એક પુષ્પની નિશાની (મનથી) કરી જોવા લાગ્યો. પ્રથમ ડાબી બાજુ પછી જમણી બાજુ એમ.

એકધારું જોયા કર્યું. પણ પૂ. માનું શરીર તો એકદમ શાંત અચલ હતું. જાણે પત્થરની મૂર્તિ. આ બધું દર્શન કરતાં કરતાં સમજાઇ ગયું કે મા અત્યારે સમાધિ પ્રકારની ઉત્તમ અવસ્થામાં છે. પૂ. માના સમગ્ર શ્રી વિગ્રહમાં દિવ્ય શાંતિ, નિશ્ચલતા, અકળ આકર્ષણ સિવાય કશું જણાતું ન હતું.

હવે ટી. વી.માં પૂ. માનું દર્શન કર્યું, તો પૂ. માનું મન શાંત એકાગ્રતામાંથી બહિર્મુખ બની રહ્યું હતું. પૂ. માના કરકમળોમાં હલનચલન થયું. મુદ્રામાંથી હાથ છૂટા થયા અને શાંતિથી નયનો ઊઘાડયાં. એ નયનોમાં અત્યારે પરમ શાંત રસ ઉતરી આવ્યો હતો. સર્વાંગોમાં શાંતિ હતી. દરેક ક્રિયા ધીમેથી થતી હતી. માએ પદ્માસન છોડયું. ધીમેથી ઊભાં થયાં ને નદીને પ્રભુસ્વરૂપ જાણી ખૂબ ભાવથી પ્રણામ કર્યા ને પછી મોજડી પહેરી એ પત્થરોમાં ચઢાણોને સમતોલ રાખતાં ચાલ્યાં. પત્થરો વટાવીને સારા માર્ગપર આવ્યાં. પણ ધ્યાનની પ્રશાંત અવસ્થાની અસર હજુ પૂ. માના દેહ, પ્રાણ, મનપર જણાતી હતી. કારણ કે અવ્યાં તે સમયની ચાલ અને અત્યારની ચાલમાં, હાથોના હલનચલનમાં ખૂબ અંતર હતું. આવ્યાં ત્યારે હંસગતિ હતી. અત્યારે શાંત, સંતમ યોગીની ચાલ હતી.

ટી. વી.નું દર્શન પૂરું થયું. ટી. વી. બંધ કર્યું. એટલે પાછા પ્રત્યક્ષના દર્શનમાં જોડાઇ ગયા. હવે તો સૌની દૃષ્ટિનું કેન્દ્ર પ્રત્યક્ષનું દર્શન હતું. સૌ મંત્રમુગ્ધ બની રહ્યા હતા.

પૂ. મા એ જ અચલ અવસ્થામાં હતાં. આ ધ્યાન માટે બેઠાને પૂ. માને લગભગ ૪૦ મિનિટ થવા આવી હતી. પણ સમાધિથી નીચેની અવસ્થાએ મન ઉતરતું ન હતું. ઘણા બધા ભક્તોને આજે



પૂ. માની આ અલૌકિક અવસ્થાનું દર્શન પ્રથમવાર થતું હતું. ભવનમાં સંપૂર્ણ પ્રશાંતિ હતી. સૌ શાંત બની ગયા હતા એ પરમ શાંત મૂર્તિના શાંત ધ્યાનથી.

હવે લગભગ ૯–૧૦ મિનિટે પૂ. માના કંઠપ્રદેશ છાતી, પેટમાં પ્રાણનો સંચાર થવાથી હળવી મૃદુક્રિયા જણાઇ. કંઠપ્રદેશમાં હલનચલન થયું. પૂ. માએ મુખમાં જીભ ફેરવી ધીમેથી મુખમાં ઝરતા રસને પીધો. નયનો ઊઘાડવા પ્રયત્ન કર્યો. થોડીક પાંપણો ખુલી. પાછી બંધ થઇ ગઇ. ધ્યાનની એ ઊંડી અવસ્થામાંથી મનને પરાણે બહાર લાવતાં હોય તેવું જણાતું હતું. હાથ મુદ્રામાંથી છૂટા કર્યા. ફરી માંડ પ્રયત્નો કરી નયનો ઊઘાડયાં. થોડી વારે પદ્માસન છોડયું. છતાં પૂ. માને જોતાં ખ્યાલ આવતો હતો કે જાગ્રત હોવા છતાં મન, બુદ્ધિ હજુ એ પરમશાંતિના અનુભવની પ્રબળ અસર-માં શાંત, અક્રિય સમ હતાં. ધ્યાનમય હતાં. અવર્ણનીય એવું મંગલમય ક્યારેક પ્રભુકૃપાએ થતું દર્શન પૂરું થયું. નૂતનવર્ષના પરમ આશીર્વાદરૂપ આ દર્શન સૌને શાંતિ, આનંદનો સંસ્પર્શ આપી રહ્યું. જીવનમાં પરમ સુખદ, શાંતિ, આનંદ ધરનારા એવા ચીરસ્મરણિય અનુભવોમાં પૂ. માના મહાયોગીની સ્વરૂપના એક નવીન અનુભવનો વધારો થયો.

અમને વિચાર આવ્યો કે આ તો આપણે બાહ્ય અવલોકન દર્શન કર્યું. પણ પૂ. માનું મન એ સમયે કઇ અવસ્થામાં હતું તે તો માને પૂછીને સ્પષ્ટ કરવું જોઇએ, કારણ કે મારી પાસે એ શક્તિ ન હતી કે પૂ. માના મન સાથે મારા મનને જોડીને માના મનની અવસ્થાને સ્પષ્ટ કરી શકું. જો કે બહારના દર્શનથી પણ સ્પષ્ટ સમજાઇ જતું હતું કે મા ઉચ્ચ સમાધિમાં હતાં. છતાં

આપણે કર્યું તે દર્શન યથાર્થ છે કે કેમ તે પાકી ખાત્રી તો પૂ. માને પૂછવાથી જ થઇ શકે.

કાર્યક્રમ પૂરો થયો. પૂ. મા એમના નિવાસસ્થાને શાંત, સૌમ્ય ચાલે મનથી જ મૌન બની પધાર્યાં.

અમે જ્યારે પૂ. મા પાસે આજના અનુભવ વિશે પૂછવા ગયા ત્યારે પૂ. મા હીંચકાપરથી ઊભાં થઇ પ્રભુશ્રીના સ્વરૂપ સાથે સત્સંગ ભવનમાં કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ચાલ્યાં. અમે જ્યાં ઊભા હતા ત્યાં પૂ. મા આવ્યાં. અને મૌનમાં જ પૂ. મા ગમ્મત કરતાં ચાલ્યાં ગયાં. ચાલતાં ચાલતાં જ અમે પૂ. માને આજે શું અનુભવ થયો તે પૂછ્યું. પૂ. માએ સ્મિત કરી, પોતાનું મસ્તક આનંદથી હલાવી હકારાત્મક ભાવ દર્શાવી ચાલતાં રહ્યાં. અમે આ વાતને યોગ્ય અત્યારનો સમય નથી. તે જાણી મૌન રહી પૂ. માની પાછળ સત્સંગભવનમાં આવ્યા.

પૂ. મા પોતાના આસનપર બીરાજ્યાં અને કંઇક લખવા લાગ્યાં. લેખન પૂરું થતાં પૂ. માએ સંકેતથી અમને બોલાવ્યા. અમે ગયા. પ્રણામ કરી ઊભા રહ્યા તો પૂ. માએ અમારા પ્રશ્નનો જવાબ લખ્યો હતો. તે પૂ. માએ વાંચવા જણાવ્યું. પૂ. માના આસનથી દૂર એક બાજુ ઊભા રહી વાંચી લીધું. એ પછી પૂ. માએ સૌના લાભાર્થે જાહેરમાં માઇકપરથી વાંચવાની સૂચના આપી. ને અમે વાંચન કર્યું. પૂ. માના શબ્દોમાં જ અહીં એ લખાણ રજૂ કરું છું.

આજે સવારે ધ્યાનની બેઠકમાં આપને શું અનુભવ થયો? શ્રી પાલનપુરી (બાપજી) માને ખાસ પૂછવા ઉપર આવ્યા હતા. પણ સમય થઇ ગયો હોવાથી જવાબ આપી શકાયો ન હતો. કદાચ આ પ્રશ્ન સૌના મનમાં પણ ઘૂંટાતો હશે, તો જરા સ્પષ્ટતા કરીએ.



પદ્માસન વાળતાં જ મન ધ્યાન માટે તૈયાર થઇ જાય છે. શરીર પણ આજ્ઞાધીન થઇને સ્થિર થઇ જાય છે.

ખરેખર તો અકસ્માતના મહાપ્રસાદ પછી બંને શ્રી ચરણો જરા પીછેહઠ કરે છે. પણ સહજ રીતે ધ્યાન માટે જોડાઇ જાય છે. ૫, ૭ સેકન્ડમાં જ મન તરત જ પોતાના અલૌકિક પ્રદેશમાં પ્રવેશ પામે છે.

(પૂ. માને હવે દિવ્ય દર્શન થાય છે.)

પૂ. શ્રી (શ્રી યોગેશ્વર સદ્‌ગુરુ ભગવાન) પદ્માસનમાં બેઠા છે. પૂ. શ્રી પણ જાણે મા જેમ ને માની સામે ને માના જેવડા જ દૃશ્યમાન થાય છે. છેક પાસે બેઠા છે. ને તે આખું સ્વરૂપ આ માના સ્વરૂપમાં સતત સમાતું ગયું.

બંને સ્વરૂપમાં માનું પદ્માસન ને પૂ. શ્રીનું પદ્માસન પણ સતત દેખાયા કરે છે.

પછી પરમ શાંતિ.

જ્યાં કોઇ અવાજ, કોઇ પ્રકાશ, કોઇ પણ વ્યક્તિ કે વિષયનું અસ્તિત્વ નથી. ફક્ત શાંતિ શાંતિ ને શાંતિ.

આ વાંચન સાંભળી સૌનાં હૃદય પુલકિત થઇ ઊઠયાં. અમને થયું કે અમારાં અવલોકનદર્શનમાં જે અનુભવવ્યું તે સત્ય છે.

નોંધ—આ અનુભવને માએ પોતાની રોજનીશીમાં વિગતવાર નોંધ કરી છે. તે અમારા અવલોકનથી જે જે અમને જણાયું તે બધું સત્ય હતું. પૂ. માએ એમ પણ જણાવેલું. ધ્યાન પૂરું થતાં આંખો ઊઘડતી જ ન હતી જાણે મણબંધ વજન પાંપણપર ના મૂક્યું હોય. મનને પણ પરાણે નીચેની અવસ્થાએ લાવવું પડયું હતું. જેનું આપણે વર્ણન કર્યું જ છે.

આજે બેસતા વર્ષના દિવસે સવારના પ્રહરમાં પ્રભુએ પૂ. માને દર્શન અને સમાપનનો (પૂ. શ્રીનું મામાં સમાઇ જવાનો દિવ્ય અનુભવ અર્પ્યો. સાથે સાથે અમારા જેવા ભક્તોને–બાળકોને પૂ. માનું દિવ્ય દર્શન ચર્મચક્ષુઓથી થયું જે અસાધારણ અવિસ્મરણીય હતું. અમારું બેસતું વર્ષ સુધરી ગયું. દિવ્ય આશીર્વાદ મા–પ્રભુના મળી ગયા. જીવનભરનું દિવ્ય–પરમ પ્રેરક, પુણ્ય પ્રદાયક સંસ્મરણ મળ્યું.

પૂ. માની આજની આ સમાધિ અવસ્થાને વિગતે વિચારતા અનેક બાબતો આપણા ખ્યાલમાં આવે છે, જે પૂ. માની મહાનતા, એમના જીવનમાં પ્રકટતી દિવ્યતાને સમજવામાં સહાયક બને છે. ને આપણને દિવ્યજીવનના પરમ પિયૂષનું પાન કરાવી અધ્યાત્મ-પંથે દોરી જાય છે.

પૂ. માની ઇચ્છાનુરૂપ મન અને શરીર બંને આજ્ઞાધીન બનીને કાર્ય કરે છે. એટલે કે પ્રકૃતિપર પૂ. માનું સ્વામીત્વ છે. દાસત્વ પ્રકૃતિની પરાધીનતા નથી.

પૂ. માનું મન માત્ર ૫, ૭ સેકન્ડોમાં જ દિવ્ય અલૌકિક અવસ્થામાં પહોંચી જાય છે, કારણ કે પૂ. માનું અંતર મન સંપૂર્ણ નિર્વાસનિક છે. તેથી જ તો સંકલ્પ, વિકલ્પરહિત હોવાથી સેકન્ડોમાં જ સમાધિસ્થ થઇ જાય છે. ઇચ્છા, તૃષ્ણા, વાસનાવાળું મન આ રીતે સમાધિમાં સ્થિર ના થઇ શકે.

પૂ. માની આજની સમાધિઅવસ્થામાં પૂ. માનો દેહ નિશ્ચલ. પ્રાણ નિષ્પંદ અને મન નિર્વિકલ્પ અવસ્થામાં આસીન થયાં હતાં. આ અવસ્થાને મહાયોગી ગોરક્ષનાથે (ગોરક્ષ સંહિતામાં) સ્વરૂપ–આત્મસ્વરૂપ(બ્રહ્મપદ)ના તાદાત્મ્યની સર્વોત્તમ અવસ્થા કહી છે.



# કેલગરી શિબિર મારા માટે કેવી?

પંકજ ઈશ્વરભાઇ ભક્ત

આપની શક્તિ અદ્‌ભુત છે. એમાં કોઇ શંકાને સ્થાન નથી. હું જ્યારે કેલગરી એરપોર્ટ પર જુલાઇની ૧૫ મીએ ઉતર્યો ત્યારથી જ આપની હાજરી મનજીરામ અનુભવ કરવા લાગ્યા. પણ આપ તો હજુ ૩૦–માઇલ દૂર હતાં છતાં આપની હાજરી અનુભવાય તેથી મન આપનું મનન કરવા લાગ્યું અને પરિણામ તરત જ મળ્યું. જ્યારે અમે રાતે ૧–૦૦ વાગ્યે શિબિરના સ્થાન પર આવી પહોંચ્યા ને આપે તરત જ આપના દર્શનનો લાભ આપતાં કહ્યું, "હું તને જ યાદ કરતી હતી, તું ઘણું જીવવાનો લાગે છે." અને અમે આપને પ્રણામ કર્યા ત્યારે આપે આપનો વરદ હસ્ત મારા માથા પર મૂકીને મને ધન્ય કર્યો. કેવી કૃપા આપની. તમારી સ્તુતિનાં વચનો સત્ય છે એ ફરી અનુભવાયું.

"કામનાથી ખરડાયાં સર્વ, ભક્તો વિનવે ત્યજીને ગર્વ.
રાખો અમને નિત શરણે, છે મુક્તિ સુખ તવ ચરણે."

અમે તો કામનાથી ભર્યા હોવા છતાં આપની આવી વરદ-હસ્તની કૃપા થઇ, તો મન વિચારવા લાગ્યું જો મન કામનાથી મુક્ત હોય તો કેવી કૃપા થાય? તો આપ અમને એવા આશીર્વાદ આપો કે અમે કામનાથી મુક્ત થઇ શકીએ અને આપના શ્રીચરણે રહી શકીએ.

ગુરુપૂર્ણિમાને દિવસે આપે ૧૫૦૦ પ્રણામ ભક્તોની હાજરીમાં કર્યા, એ પણ આપની શક્તિનું જ પ્રમાણ હતું અને આજે

જ્યારે એક ભક્તે આપને આપની મધુર વાણી સાંભળવા માટે આગ્રહ કર્યો ત્યારે આપે કહ્યું, કે "સૂર્ય બોલે છે? ના. પણ કેટલો પ્રકાશ આપે છે, તેમ આ શિબિર અમારી હાજરીથી જ જીવંત છે. તો બોલવાની શું જરૂર છે?" આ સ્પષ્ટ કરી આપે ફરી આપની શક્તિનો પરિચય કરાવ્યો.

શિબિરનો અંત આવી ગયો. જાણે ખબર પણ ના પડી. મારા ૨૧ દિવસો આનંદભર્યા પસાર થયા અને જપનો નિયમ સારી રીતે આપની કૃપાથી સફળ થયો. રોજ આપના દર્શનનો લાભ મળે તો સૌ કોઇ આનંદમય રહી શકે, એ આ શિબિરથી જણાય છે.

મહાપુરુષોના જીવનોને જોતાં જણાય છે કે એમને સાંપડેલી સંસિદ્ધિ એકાદ બે દિવસમાં નહોતી સાંપડી. એને માટે એમને વર્ષોસુધી એકધારો પ્રબળ પુરુષાર્થ કરવો પડેલો. એથી આ માર્ગના પ્રવાસીએ કોઇએ કારણે થાકવાનું, કંટાળવાનું, હારવાનું કે નિરાશ નથી થવાનું. યોગેશ્વરજી

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ.

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૩૯૫૦૦૧.



પ. પૂ. રણછોડદાસજી સાથેના

# પ્રેરક પ્રસંગો

સંકલન : સ્વ. પરમાર્થી

## પ્રસંગ–૨૦ : ગુરુ બિનુ ભવનિધિ તરૈ ન કોઇ

આવા જમનાદાસભાઇને જયરામભાઇ સાથે વિવાદ થયો.

જમનાદાસભાઇ હનુમાનભક્ત એમણે કહ્યું : 'હનુમાનજીની સેવાપૂજા કર્યાવિના ભગવાન રામનાં દર્શન ન થાય.'

તરત જ રામભક્ત જયરામભાઇએ વિરોધીસ્વરમાં જણાવ્યું. પણ ભગવાન રામ સાથે જ સીધી ઓળખાણ કરી લઇએ તો હનુમાનજીની શી જરૂર રહે!

આ બંનેની ચર્ચા રસપૂર્વક સાંભળી રહેલા પૂજ્યશ્રી હળવેથી બોલ્યા : 'યહ બાત ઈસ પ્રકાર જયરામકી સમઝ મેં નહીં આયેગી. હનુમાન કા અર્થ તુમ લોગ જાનતે હો? हनम अहंता इति हनुमंता। ઐસા ઈસકા અર્થ હોતા હૈ. જબતક હમારે મેં અહંતા–અહંકાર હોગા તબ તક હમેં ઈશ્વરદર્શન નહીં હોંગે. હનુમાનજી હમારે અહંકાર કા સંપૂર્ણ નાશ કરકે હમેં રામજી સે મિલાતે હૈ. ઉનકી કૃપા બિના અહંકાર નહીં જાતા હૈ.'

એક બહેને પ્રશ્ન કર્યો. 'હનુમાનચાલીસા અને હનુમાનબાહુક–નો પાઠ બહેનોથી ન થાય એવું અમે સાંભળ્યું છે. આ અંગે આપની શી આજ્ઞા છે?

પૂજ્ય શ્રી : 'માન લો કિ કોર્ટ મેં તુમ્હારા કેસ ચલનેવાલા હૈ ઉસ વક્ત તુમને યદી વકીલ નહીં રક્ખા હોગા તો ક્યારે તુમ્હારા

કેસ કોર્ટ મેં ચલ સકેગા? ઠીક ઈસી પ્રકાર હનુમાનજી હમારે વકીલ હૈ ઔર રામચંદ્રજી ન્યાયાધીશ. બિના વકીલ કે હમ ન્યાયાધીશ કે પાસ કૈસે જા સકતે હૈ! તુમ સબ પાઠ કર સકતી હો, મા.'

જયરામભાઈ : 'જાગૃતમાં સ્વપ્ન એટલે શું?'

પૂજ્ય શ્રી : 'ઉસકા નામ સમાધિ હૈ. ઉસ વક્ત જગત સાધક કે લિયે સ્વપ્ન જૈસા બન જાતા હૈ.'

જયરામભાઈ : 'મેં સાંભળ્યું છે કે શ્રી રમણ મહર્ષિના ભાઈ સર્વાધિકારી જન્મ્યા ત્યારથી જ મહર્ષિ સાથે રહ્યા હતા. છતાં ઈશ્વરભક્તિ એમને સ્પર્શી શકી નહિ. મહર્ષિના દર્શનાર્થે આવતા લોકો પાસેથી પૈસા પડાવવાની જ એની વૃત્તિ રહેતી. આપ સત્સંગનો મોટો મહિમા સમજાવો છો. તો એ સત્સંગની આ સર્વાધિકારી પર કેમ કંઈ અસર ન થઈ?'

પૂજ્ય શ્રી : 'દેખો જયરામભાઈ, જિસ તાલાબ મેં કમલ ખીલતા હૈ ઉસી તાલાબ મેં મછલી ભી રહતી હૈ. લેકિન ભ્રમર પાની મેં નહિ રહેતા. વહ બાહરસે ઊડતા હુઆ આતા હૈ. ઔર કમલ મેં રહા હુઆ મધ–પરાગ લે જાતા હૈ. ૨૪ ઘંટા કમલ મેં રહા હુઆ મધ–પરાગ લે જાતા હૈ. પાની મેં ૨૪ ઘંટા સાથમેં હી રહતે હુએ ભી મછલી કમલમેં કુછ પ્રાપ્ત નહીં કર સકતી હૈ. યહાં પર અધિકાર ભેદ કી બાત હૈ. બિના અધિકાર કે ૨૪ ઘંટે સાથમેં રહો તો ભી કુછ પ્રાપ્ત નહીં હોતા.

'એક દૂસરી બાત. કીડા મુંહ મેં નમક લિયે યદિ શક્કર કે પહાડપર સે ચલા જાય તો ભી જબ તક વહ મુંહમેં સે નમક ફેંક ન દે, તબ વહ ઉસે શક્કર કા સ્વાદ માલૂમ નહીં પડેગા. ઉસી તરહ પૈસે કે મોહ જૈસા નમક પહેલે છોડે, તો ફિર શક્કર સત્સંગ કા સ્વાદ આવે.'



## પ્રસંગ–૨૧

એક જિજ્ઞાસુ : 'મહાત્મા ગાંધીજી કહેતા કે હું દાશરથી રામને નથી ભજતો. પરંતુ પરબ્રહ્મ રામ, જે સર્વવ્યાપક છે, તેને ભજું છું. તો શું દાશરથી રામ પતિતપાવન છે?'

પૂજ્ય શ્રી : 'મહાત્મા ગાંધીજી કૌનસી ધૂન બોલતે થે, આપને સુની હૈ? વે કહતે થે : 'રઘુપતિ રાઘવ રાજારામ પતિત પાવન સીતારામ. ઈસ ધૂનસે તો દાશરથી રામ હી સિદ્ધ હોતા હૈ. યહી રઘુકુલોત્પન્ન શ્રી રઘુપતિ દેવી સીતાજી કે સ્વામી ઔર પતિતોં કો પાવન કરને વાલે શ્રી રામચંદ્રજીહી સર્વવ્યાપક રામ હૈ, યદિ ઐસા નહીં હો તો ફિર ઉપરોક્ત ધૂન બોલને કા ક્યા અર્થ હૈ?'

જયરામભાઈ : 'આપણે ભગવાન રામને રઘુપતિ, રઘુનાથ તરીકે સંબોધીએ છીએ. તો રઘુ એટલે શું?'

પૂજ્ય શ્રી : 'રઘુ યાને જીવ. રઘુપતિ યાની જીવ કા સ્વામી.'

જયરામભાઈ : 'આપ શ્રી મંત્રરાજનો જપ કરવા પર જોર આપો છો. પરંતુ હું પુસ્તકોમાં વાંચું છું કે ધ્યાન વગર ઈશ્વરપ્રાપ્તિ ન થાય તો કરવું શું?'

પૂજ્ય શ્રી : 'જપ કી સંખ્યા બઢને પર, ઉસમેં એકાગ્રતા હોને પર વહી ફિર ધ્યાન હો જાતા હૈ.'

જયરામભાઈ : 'મેં શાસ્ત્રમાં વાંચ્યું છે કે ઈશ્વર છે એવું સિદ્ધ થઈ શકતું નથી. આ વિષે આપનો શો મત છે?'

પૂજ્ય શ્રી : 'ઈશ્વર' શબ્દ હી એક મજબૂત પ્રમાણ હૈ કિ ઈશ્વર હૈ. યદિ ન હોતા તો ઈસ શબ્દ કી ઉત્પત્તિ હી નહીં હોતી. ગુફામેં રહકર યદિ આપ સૂર્યકા દર્શન ન કર શકે તો ક્યાં યહ સિદ્ધ હો ગયા કિ સૂર્ય હૈ હી નહીં? આચાર્ય લોક જિસ કોટિ તક

પહુંચ પાતે હે, વહીસે વે શાસ્ત્ર કી રચના કરતે હૈં. દેખો, હમારે રામજીને ઈશ્વરત્વ સિદ્ધ કર દિયા.'

'જયરામભાઇ : 'કૈવી રીતે?'

પૂજ્ય શ્રી : 'અપને કૃત્યોં સે.'

એક જિજ્ઞાસુ : 'આર્યસમાજીઓનું કહેવું છે કે નિર્ગુણ નિરાકાર બ્રહ્મ, સગુણ સાકાર ન થઇ શકે.'

પૂજ્ય શ્રઈ : 'જો નિર્ગુણનિરાકાર બ્રહ્મ યાની ઈશ્વર સારે જગત કો આકાર દેને મેં સમર્થ હૈ, વે ભક્તોં કે કલ્યાણ ઔર ભાવ કે કારણ સાકાર હો સકતે હૈં ઇસમેં કોઇ સંદેહ નહીં.'

એક ભક્ત : 'હું મૂર્તિની ઉપાસના કરું છું. વર્ષોથી મારો એ ક્રમ છે. હવે મને મૂતિ હલતી દેખાય છે. એનું શું કારણ?'

પૂજ્ય શ્રી : 'આપકા ધ્યાન અબ સૂક્ષ્મ મેં પ્રવેશ કરતા જાતા હૈ. સ્થૂલ મેં સે આપ સૂક્ષ્મ કી ઓર પ્રગતિ કરતે હૈ. યહ આગે બઢને કી નિશાની હૈ.

### પ્રસંગ–૨૨ : તપ તેં અગમ ન કછુ સંસારા

ઈ. સ. ૧૯૪૯ ની ગુરુપૂર્ણિમા નજીક આવતી જતી હતી.

મુંબઇ તેમ જ સૌરાષ્ટ્રના ભક્તોની, એમાંય ખાસ કરીને રાજકોટના શ્રી દરબારસાહેબ તથા પ્રભુદાસભાઇ પૂજારાની એવી ઇચ્છા હતી કે, આ વખતે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ અમારે ત્યાં ઉજવવામાં આવે. તેથી બધાંએ મળીને એનો વચલો રસ્તો શોધી કાઢયો.

નક્કી કર્યા મુજબ પૂજ્યશ્રીએ ગુરુપૂર્ણિમાની વહેલી સવારે મુંબઇના ભક્તોનું પૂજન સ્વીકારીને પછી તરત વિમાનમાં રાજકોટ પધારી અને ત્યાંના ભક્તોને પણ નયનાનંદ આપીને કૃતાર્થ કર્યા.



બીજા દિવસે મુંબઇના ભક્તો તરફથી મુંબઈથી એક મિસ્ત્રી એરવેઝનું ચાર્ટર્ડ ડાકોટા વિમાન રાજકોટ મોકલવામાં આવ્યું. પૂજ્ય શ્રીને રાજકોટથી ફરી મુંબઇ લઇ આવવા માટે, એ વિમાન મોકલાયું હતું પરંતુ વિમાનીને રાજકોટનું એરોડ્રોમ જ મળી શક્યું નહિ, તેથી વિમાન ઉતરાણ કર્યાવિના તરત મુંબઇ પાછું ગયું.

સૌરાષ્ટ્રના ભક્તોને પૂજ્યશ્રીના એક જ દિવસના દર્શનથી સંતોષ નહિ થયો હોય, તેથી એમ બન્યું હશે?

બીજે દિવસે ડૉ. છબીલભાઇ અને બટુકભાઇ આ વિમાનમાં વિમાનીની સાથે ગયા અને તેમણે તેને રાજકોટનું એરપોર્ટ બતાવ્યું. પૂજ્ય શ્રી ત્યાં હાજર જ હતા. એટલે વિમાને તેમને લઇને થોડી વાર પછી પાછું મુંબઇપ્રતિ ઉડ્ડયન શરૂ કર્યું.

વિમાનમાં લગભગ ૨૫ જણાં હતાં, એ બધાં ટોળટપ્પાં અને નાસ્તાપાણીમાં મશગૂલ બન્યાં હતાં.

વિમાન અરધે રસ્તે પહોંચ્યા પછી અચાનક આકાશમાં વીજળીના કડાકા અને ધોધમાર વરસાદ શરૂ થયો. જાણે એ ઓછું હોય તેમ બરાબર ત્યારે જ વિમાનના એંજિનમાં પણ અણકલ્પી ખરાબી થઇ ગઇ. પરિણામે વિમાને પોતાની ગતિ અને સ્થિરતા ગુમાવી દીધાં. ઘડીકમાં કેટલાય ફીટ નીચે ઊતરી આવે તો ઘડીકમાં એટલી જ તીવ્રતાથી પાછું ઉપર ચઢી જાય.

પરિસ્થિતિની ગંભીરતા જોઇને સહુ ગભરાઇ ઊઠયા. કેટલાયને એમ લાગ્યું કે, તેમના સોયેય વર્ષ હવે ઘડી બે ઘડીમાં પૂરા થઇ જશે. કારણ કે વિમાનનો ઇલેક્ટ્રિનો કંટ્રોલ પણ ગયો હતો.

સમય પણ સમીસાંજનો, લગભગ સાડાસાત વાગ્યાનો. પરંતુ વિમાની બહુ હિંમતબાજ અને કુશળ હતો. તેમણે વિમાનની સ્થિરતા પાછી લાવવા માટે શક્ય તેટલા તમામ પ્રયત્ન કર્યાં. પરંતુ વણસેલી સ્થિતિ છેલ્લે પાટલે જઇ બેઠી હતી. તેથી તેણે આખરી ઉપાય તરીકે પૂજ્યશ્રીનું શરણ લીધું. કારણ કે તેણે એરપોર્ટપર નજરે જોયું હતું કે, વિમાનમાં જે મહાત્માજી બેસવાના હતા તે કોઇ સામાન્ય સાધુ નહોતા.

તેણે દેવકરણભાઇદ્વારા પૂજ્ય શ્રીને પૂછાવ્યું : 'હવે હું શું કરું બાબા? પરિસ્થિતિ બે કાબૂ બની ગઇ છે.'

તેઓશ્રી સંપૂર્ણ સ્વસ્થતાપૂર્વક બેઠા હતા. મક્કમ અને દૃઢ સ્વરે એટલું જ બોલ્યા : ચલાયે જાઓ. કુછ ભી નહીં હોગા.'

એ શબ્દોમાંથી અજબ વિશ્વાસ નીતરી રહ્યો હતો. પૂજ્ય શ્રી પાસે બેઠેલા જમનાદાસભાઇ સમજી ગયા કે, હવે જરાય વાંધો નહિ આવે. એટલે એ હિંમતમાં આવી જઇને પવનપુત્રને રીઝવવા માટે જોરશોરથી હનુમાનચાલીસાનો પાઠ કરવા લાગ્યા.

પૂજ્ય શ્રીની કૃપાથી ઘડીકમાં બધું શાંત થઇ ગયું અને આકાશ પણ સંપૂર્ણપણે સ્વચ્છ બનીને શંકામાં નાંખી રહ્યું કે, શું ખરેખર થોડીવાર પહેલાં જ ધોધમાર વરસાદ અને વીજળીનું તોફાન થયાં હશે ખરાં?

મુંબઇ એરપોર્ટની આછા બ્લુ રંગની હારબંધ ગોઠવાયેલી આકર્ષક રોશનીએ પોતાની સાર્થકતા ત્યારે બરાબર સમજી લીધી. જ્યારે એ રોશનીને આધારે વિમાન સહીસલામત નીચે ઉતરી આવ્યું.

ઇટાલિયન વિમાનીએ કેબિનમાંથી બહાર નીકળીને પહેલું



કામ શ્રી ચરણોને ભાવપૂર્વક વંદન કરવાનું કર્યું.

વિમાનને હેંગરમાં પહોંચાડયા તેને ફરી પાછું ચાલુ કરવાના તમામ પ્રયાસો નિષ્ફળ નીવડયા. આખરે તેને ધક્કા મારીને લઇ જવું પડયું. ત્યાર પછી તે કદી ઉડ્ડયનના કામમાં ન આવી શક્યું, અને તે વિમાનીનું પણ ત્રણ મહિના પછી વિમાનના અકસ્માતમાં જ મૃત્યુ થઇ ગયું.

### પ્રસંગ–૨૩ : સુનિ અચરજ ન માનિ હહિં

આ વખતે પૂજ્યશ્રીના ઉતારા માટે મુંબઇમાં ગોરેગામ નજીકની દિનદોશીની ટેકરીઓમાં આવેલી નાની કુટિયા રાખવામાં આવી હતી. આસપાસ સુંદર બગીચો. ફૂલઝાડ, નીરવ એકાંત અને મનને પ્રસન્નતાથી ભરી દેતી શાંતિ હતાં.

પુષ્કરવાળાં ભાગીરથી મા અને હરિભાઇ પણ ત્યાં સાથે રહ્યાં.

પૂજ્ય શ્રી ત્યારે પોતાનું ભોજન જાતે તૈયાર કરતા. મા શાક-ભાજી વીણવા–સમારવાની સેવા કરે. તેઓશ્રી રસોઇ બનાવવા રસોડામાં જાય તે પહેલાં મા શાકભાજી તૈયાર કરીને ત્યાં મૂકી આવે. પૂજ્ય શ્રી શાક બાફી, ઘઉંના ટિક્કડ બનાવી, એકાંતમાં ભોજન કરી લે.

એક દિવસ ભોજન લઇને બહાર આવ્યા બાદ બોલ્યા : 'મા, આજ તુમને અકેલીને ભાજી સાફ નહીં કી થી. ઉસમેં દૂસરે વ્યક્તિ કા ભી હાથ લગા થા. ભાજી કે પત્તે ઐસા કહ રહે થે. પરમાણુઓં કે અસરકા મુઝે ફૌરન અનુભવ હોતા હૈ.'

મા થોડી વાર સુધી કંઇ બોલી શક્યાં નહિ. પછી ધીરે રહીને કહ્યું 'આજે રસોઇયાએ થોડી ભાજી વિણાવી હતી.'

એમને હંમેશાં પરમાણુઓની ખબર પડી જાય. કોણે ઘઉં

દળ્યા. કોણે રસોઇ બનાવી વગેરે બધી બાબતો બહુ સ્પષ્ટ રીતે જણાવી દે. કઇ જગ્યાના પરમાણું પવિત્ર છે, શાંતિ અને આનંદ આપનારાં છે; કઇ જગ્યાના પરમાણુ અપવિત્ર છે. અશાંતિ અને ઉદ્વેગ આપનારાં છે, એ પણ બહુ સચોટ રીતે કહી બતાવે. અ-પવિત્ર પરમાણુઓ એમના સ્વસ્થ મનમાં તરત ઉદ્વેગ ઊભો કરી દે. તળાવના શાંત અને સ્થિર જળમાં પથ્થર ફેંકવાથી ઉદ્‌ભવતા વમળની જેમ?

(શ્રી દમયંતીબેન સેજપાલના 'મારા ગુરુદેવ'ના આધારે)

જે સત્યને ઉપાસે છે, સત્યરૂપી ઈશ્વરનું દર્શન કરવાની ટેવ પણ પાડે છે, તે સૌ પ્રત્યે સમતા રાખે છે. સૌના સુખમાં રાજી રહે છે ને સૌની સેવા કરવા તત્પર રહે છે. તે કોઇનું પણ કદી અમંગળ ઇચ્છતો નથી.

યોગેશ્વરજી

ઘ. : ૪૬૩૪૩૧ ઓ. : ૩૬૨૪૩૭
: ૪૮૦૪૨૮ : ૩૬૦૩૭૬

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન

"સત્યવાન" તથા "ચંદન"

૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ

૧/W, ભક્તિનગર ઇન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, રાજકોટ-૩૬૦૦૦૨



# ઈશાવાસ્ય ઉપનિષદ્ (૨)

(ડીસેમ્બર-૨૦૦૦ થી આગળ) યોગેશ્વરજી

## (૩) ત્યાગની ભાવનાનો બીજો ભાવ

'ઈશ્વર બધે વ્યાપક છે' એ વાતને યાદ રાખવાથી એક બીજો લાભ પણ સહજ રીતે જ થઇ જાય છે. તે લાભ સમદૃષ્ટિનો ને તેને પરિણામે ઉત્પન્ન થતી આચારશુદ્ધિનો છે. જે માણસ સંસાર-માં સર્વત્ર એક ઈશ્વરની જ સત્તાનું દર્શન કરવાની ટેવ પાડે છે તેના નાના ને મોટા બહારના ભેદભાવ ધીરે ધીરે દૂર થઇ જાય છે. મનુષ્ય, પશુ, પ્રાણી, પંખી ને વનસ્પતિ સૌમાં પ્રભુનો પ્રકાશ માનીને તે સૌની સાથે સ્નેહભરેલો ને મધુરો વ્યવહાર રાખે છે, ને સૌના સુખ તથા હિતમાં રાજી રહે છે. ઈશ્વર વિશેની તેની આવી વ્યાપક સમજથી તેની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન થઇ જાય છે. સંસારના બધા જ પદાર્થોને તે પરમકૃપાળુ પરમાત્માના પ્રતિ-નિધિ માનીને સૌને મનોમન વંદન કરે છે ને સૌમાં રહેલા પરમાત્માના પરમ પ્રકાશનું દર્શન કરે છે. પ્રભુદર્શન તેને માટે આ રીતે સહજ ને સ્વાભાવિક બને છે. આવી ઈશ્વરમય દૃષ્ટિ જેને મળી જાય તે સંસારમાં કદી આસક્ત નથી થતો ને કોઇ પણ સંજોગોમાં પરમાત્માને ભૂલી પણ નથી જતો.

સંસારના પદાર્થોને ત્યાગભાવથી ભોગવવા તેમાં એક બીજો ભાવ પણ રહેલો છે. તેનો સાર એવો છે કે પોતાની પાસે જે કંઇ વિશેષ વસ્તુ હોય તેનો ઉપયોગ પોતાના સુખ ને હિતને ખાતર કરવાની સાથે-સાથે બીજાના હિત માટે પણ કરવા માણસે સદા

તૈયાર રહેવું જોઇએ. પોતાની પાસે જે ધન, તપ, બળ, જ્ઞાન, ઐશ્વર્ય છે તે ઈશ્વરનું ને ઈશ્વરે આપેલું છે, એમ માનીને તેનો ઉપયોગ કેવળ પોતાના ભોગ માટે નહિ, પરંતુ બીજાને માટે પણ કરવાની જરૂર છે. મતલબ કે પોતાનું જ પેટ ભરવાની વૃત્તિનો માણસે કાયમને માટે ત્યાગ કરવો જોઇએ. જીવન કેવળ પોતાને માટે નહિ, પરંતુ બીજાને માટે પણ છે એ ભાવનામાં તેણે પ્રતિષ્ઠિત થવું જોઇએ. એટલું જ નહિ, તે ભાવનાની જીવંત મૂર્તિ બનવું જોઇએ. સેવાભાવનો જન્મ બીજાને કામ આવવાની આ ભાવનામાંથી જ થાય છે. માણસ જીવનભર બીજાની મદદ મેળવીને મોટો થાય છે અથવા તો બીજાની પાસેથી કાંઇ ને કાંઇ લીધા કરે છે. બદલામાં બીજાને ખપ લાગવાની તેની ફરજ છે. તે ફરજ તેને વારસામાંથી—માનું દૂધ પીને તે મોટો થાય છે ત્યારથી—છેક ગળથૂથીમાંથી જ પ્રાપ્ત થાય છે. તે ફરજનું તેણે બરાબર પાલન કરવાનું છે. કેમ કે પરસ્પરના પ્રેમ, બળ ને સહકારથી જ આ સંસાર ચાલે છે. સૌની અંદર પરમાત્માનું દર્શન કરતાં શીખવું ને સૌને બની શકે તે રીતે ને તેટલા પ્રમાણમાં મદદરૂપ થવા તૈયાર રહેવું એ વિવેકી માનવનું જીવનવ્રત હોવું જોઇએ.

### (૪) કર્મની ફિલસૂફી

જે માણસ આવી પ્રભુમય દૃષ્ટિથી ને ત્યાગભાવનાથી કર્મ કરે તેના કર્મમાં કેટલું બધું બળ હોય? તેનું કર્મ ગંગાના પ્રવાહ જેવું પવિત્ર ને સતત હોય છે. જીવનની વિશુદ્ધિ ને પરમાત્માની પ્રાપ્તિ માટે તે કર્મ એક અદ્દભુત રસાયનરૂપ થઇ પડે છે. જીવનની ઉન્નતિ કે ઉજ્જ્વળતામાં તેનો ફાળો બહુ જ મોટો હોય છે. તે કર્મ કોઇ કોરું કર્મ નહિ, પરંતુ જીવનના વિકાસ ને શ્રેયની સાધના બની જાય છે. ઉપનિષદ્દના ઋષિએ એવા જ વિવેકયુક્ત કર્મનો



ઉપદેશ આપ્યો છે. વિવેકને નેવે મૂકીને અથવા જીવનના શ્રેયની સાથે છૂટાછેડા લઇને આંખો મીંચીને જે કર્મ કરવામાં આવે છે તે ઉપનિષદ્દના ઋષિને માન્ય નથી. તેથી તે આવી કલાત્મક રીતે યોગ્ય કર્મ કરીને જીવનને સાધનામય બનાવી દેવાનો આદેશ આપે છે અથવા કહો કે તેવી ભલામણ કરે છે.

એવી રીતે ઉત્તમ કર્મ કરનાર માણસ સમાજ કે સંસારની શોભારૂપ છે. તે વધારે જીવે તેમાં સૌને લાભ છે. તેવા માણસે પોતે પણ દીર્ઘ જીવનની ઇચ્છા રાખવી એવી ઉપનિષદ્દની સૂચના છે. તે દીર્ઘ જીવન પૃથ્વીને પીડારૂપ નહિ પણ મદદરૂપ હશે; ભૂમિ-ને ભારરૂપ થવાને બદલે ભૂમિનો ભાર હલકો કરશે. ને અનેક જીવોને સુખ, શાંતિ ને પ્રેરણા આપનારી ફોરમ ફેલાવશે. પ્રવાહના પાણીની પેઠે તે અનેકની તરસ મટાડશે ને જીવતીજાગતી જ્યોતિ થઇને કેટલાંયના અંધકાર ભરેલા જીવનમાં પ્રકાશ પાથરશે. તેવું જીવન ઈશ્વરની કૃપાના અનુપમ ને ઉત્તમ નમૂનારૂપ હશે. સંસાર-માં શ્વાસ લેશે, જુદી જુદી જાતનાં કર્મ કરશે તોપણ તે જીવનને ડાઘ નહિ લાગે, તેમાં ગંદકી નહિ જાગે, ને ઈશ્વરની સાથે એનું અનુસંધાન સદા ચાલુ રહેવાથી સંસારમાં તે આસક્ત નહિ થાય ને ઈશ્વરથી વિમુખ પણ નહિ બને. કર્મની સાધના ને કળા આવી છે. નાના છોડની આજુબાજુ જેમ વાડ કરવામાં આવે છે, તેમ કર્મની આજુબાજુ ઈશ્વરસ્મરણ ને ઈશ્વરીનિષ્ઠાની વાડ થઇ જાય તો કર્મ જીવનને માટે મંગલમય બની શકે. કહો કે યજ્ઞનું કામ કરી શકે. ઉપનિષદ્દના ઋષિ એવા કર્મને માટે ભલામણ કરે છે ને તેની ફિલસૂફીને ટેકો આપે છે. યજ્ઞરૂપે ઉત્તમ કર્મો કરવાની આ ભાવના અહીં બીજરૂપે છે. તે જ ભાવના ગીતામાં વિશાળ વૃક્ષના રૂપમાં પ્રકટ થઇ છે. ભારતીય સાધનાને સમજવા માટે કર્મની આ

ભાવનાનું રહસ્ય સંપૂર્ણ રીતે સમજી લેવું જોઈએ.

એટલે સંસારનો તિરસ્કાર નહિ, સંસાર તરફ આંખમીંચામણા નહિ, ને સંસારના પદાર્થ કે સુખનો ત્યાગ નહિ, પરંતુ નિર્લેપતા અથવા અનાસક્તિ જ ભારતની જીવનદૃષ્ટિ છે. આપણા જીવનનો સાર આ જ હોઈ શકે. બાહ્ય ત્યાગ કેટલીક વાર જરૂરી હોય છે ખરો; પરંતુ તે તો સાધન છે. તેનો લાભ લઈને માણસે પરમાત્મા-ની વધારે ને વધારે પાસે પહોંચી છેવટે સંસારમાં અનાસક્તભાવે શ્વાસ લેતાં શીખવાનું છે. રાજા જનક ને ભગવાન કૃષ્ણ એવા જ અનાસક્તિના જ્યોતિર્ધરો હતા. કોઈ મને પૂછે કે ભારતની સાધના-નું સરવૈયું શું, અથવા તેના સારભાગને બે વાતોમાં કહી બતાવો, તો હું તેને એટલો જ ઉત્તર આપું કે પરમાત્માની પ્રાપ્તિ ને અના-સક્તિ. ભારતીય સાધનાનો આ સારભાગ છે. કહો કે તેનું ડાબું ને જમણું હૃદય છે. પંખીની બે પાંખની જેમ ભારતીય સંસ્કૃતિ આ બે પાંખે ઊડે છે. આ તેની ઢાલતરવાર છે. આ બેનો સુવર્ણસંગમ જેના જીવનમાં થાય તેના જીવનમાં ગંગા ને જમના કરતાં પણ વધારે પાવનતા પ્રકાશી ઊઠે. તેનું જીવન મંગલ તીર્થ જેવું પ્રાણ-વાન બની જાય. ઈશાવાસ્યોપનિષદ્‌ના પહેલા બે શ્લોકોમાં સંસ્કૃતિ-ની એ બંને બાજુનો ચિતાર મળે છે. તેના પર જેટલું મનન થાય તેટલું ઓછું છે.

(ક્રમશઃ)


॥ ૐ ॥

## મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય

આપના જન્માક્ષર દ્વારા તમારા જીવનની ભૂતકાળ-વર્તમાનકાળ અને ભવિષ્યની મુંઝવતી કોઈપણ સમસ્યાના નિવારણ માટે સ્પષ્ટ-સચોટ અને પ્રમાણભૂત માર્ગદર્શન આપવામાં આવે છે.

દેશ તથા ખાસ કરીને પરદેશના જન્માક્ષર તદ્દન આધુનિક સંશોધિત શોધખોળ મુજબ વલ્ડબેસ્ટ કોમ્પ્યુટરાઈઝ તેમજ સ્વહસ્ત નિર્મિત જન્મપત્રિકા જન્મસ્થળના અંક્ષાસ-રેખાંશ અને સૂર્યોદય પરથી શુધ્ધ-સુક્ષ્મ-સચોટ ખગોલ સિધ્ધ જન્માક્ષર, વર્ષપત્રિકા તથા સંપૂર્ણ લાઈફ રીડીંગ વાળી જન્મપત્રિકા બનાવી આપવામાં આવે છે.

જન્મ કુંડલીમાં થતાં અશુભયોગો, તાંત્રિક-પિતૃદોષો, આધિ-વ્યાધિ-ઉપાધિ તેમજ સર્વ અનિષ્ટોના નિવારણ માટે,કાર્યસિધ્ધી-મનોરથ પૂર્તિ જેવા અનુષ્ઠાનો, વાસ્તુ-નવચંડી-મૂર્તિઓની પ્રાણપતિષ્ઠા જેવા યજ્ઞો, માંગલિક તથા મરણોત્તર ક્રિયાઓ શ્રધ્ધાને શાંતિપૂર્વક સાત્વિક-નિર્વ્યસની બ્રાહ્મણો દ્વારા સ્વયં કરીઆપવામાં આવે છે.

**બહારગામથી પત્રદ્વારા માર્ગદર્શન મેળવવા માટે**

★ તમારુ સંપૂર્ણ નામ, સરનામું, જન્મ તારીખ-સમય-સ્થળ તેમજ રૂા. ૨૫૧/- નો MO કે DD મોકલાવવો.

★ અમને રૂબરૂ મળતાં પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી ખૂબ જરૂરી છે.

### શ્રી વિજયભાઈ પંડિતજી

જ્યોતિષાચાર્ય (ડબલ ગોલ્ડ મેડાલીસ્ટ)

પ્રોફેસર (જ્યોતિષ વિભાગ) એમ.એસ.યુનિ.

**મા સર્વેશ્વરી જ્યોતિષ કાર્યાલય.**

ચોખંડી, ભીડભંજન હનુમાનજીના મંદિર પાસે, વડોદરા-૧૭.

ફોન નં. ૯૧-(૦૨૬૫) ૪૩૬૨૧૬, ફેક્સ નં. ૪૩૫૩૭૧

EMAIL : MAA PANDITJI@USA.NET

સમય : દરરોજ સાંજે ૪થી૮ રવિવારે રજા.

આજે ધ્યાન કર્યું ને કેટલાક દિવસોસુધી ના કર્યું. આજે નામજપ અને પ્રાર્થનાનો આધાર લીધો ને થોડાક દિવસોસુધી મૂકી દીધો. આવી આળસુ, ચંચળ અને દોલાચલ ચિત્તવૃત્તિ સાધનાના અંતરંગ અભ્યાસ માટે બાધક બને છે. આવો સાધક કદી પણ સફળ થઈ શકતો નથી.

યોગેશ્વરજી


સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

" નિરાંત "
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫ ૦૦૯

ફોન : (૦૨૬૧) ૭૭૯૨૮૩
મોબાઈલ : ૯૮૨૪૦૪૩૦૩૩

E–mail :
hpathakji@yahoo.Com




# સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ

યોગેશ્વરજી

(પૂ. યોગેશ્વરજીએ ભારતીય દર્શનશાસ્ત્રના ૧૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં. પ્રત્યેક પુસ્તકમાં સાધકરૂપી જીવની મથામણોનો જવાબ શિવ એટલે કે પ્રભુ યોગેશ્વરજીએ આપેલ છે. કેટલાંક પુસ્તકો તો પ્રશ્નોત્તરીરૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકોમાંથી સંકલન કરીને આધ્યાત્મિક માર્ગે આગળ ધપનારા માટે પ્રશ્નોત્તરીરૂપે 'સવાલ પૂછે જીવ–જવાબ આપે શિવ'ની લેખમાળામાં કંઈક ને કંઈક અમૃત પીરસવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

ડૉ. બી. જે. જાગાણી)

**પ્રશ્ન** : મીરાંબાઈએ ઝેરનું અમૃત કરી દીધું એ વાત કેવી રીતે બની હશે? મીરાંએ પોતાના સંકલ્પથી તેમ કર્યું હશે, કે ઝેર તેના શરીરમાં ગયા પછી અસર નહિ કરી શક્યું હોય ને અમૃતમય બની ગયું હશે?

**ઉત્તર** : એનું કારણ ઈશ્વરકૃપા છે. ઈશ્વરને જે અનન્યભાવે દિનરાત ભજે છે, તેની સંભાળ ઈશ્વર રાખે છે. આવી સંભાળ રાખવી તેને ગીતા ક્ષેમ કહે છે. જેણે ઈશ્વરભક્તિ કરી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો છે કે ઈશ્વરની કૃપાપ્રસાદી મેળવી છે, તેને સંભાળવાનું ને બચાવવાનું કામ ઈશ્વર કરે છે. ઈશ્વર તેની બધી જ જવાબદારી ઉપાડી લે છે. આ જ કારણથી મીરાંબાઈએ જે ઈશ્વરનો પ્રસાદ માની ઝેર પીધું તે ઝેર હોવા છતાં પણ ઈશ્વરકૃપાથી અમૃત બની ગયું.

**પ્રશ્ન** : જો કોઇ જ્ઞાની એ પ્રમાણે ઝેર પીએ કે તેને પીવડાવવામાં આવે તો તેનું અમૃત થઇ શકે?

**ઉત્તર** : જ્ઞાની જો કોરો જ્ઞાની હોય—એટલે કે તેણે સમાધિદ્વારા બ્રહ્માનુભવ ના કર્યો હોય, તો તો તેનાપર ઝેરની અસર જરૂર થાય ને તે દુઃખી થાય. ભલે તે દુઃખ તે શરીરનું માને. આવો જ્ઞાની ભેદભાવથી પર થયેલો ના હોઇ વારંવાર શરીરના ગુણધર્મોથી ચલિત થાય. પરંતુ જો જ્ઞાની પૂર્ણ જ્ઞાની હોય એટલે તેણે આત્મદર્શન કરેલું હોય તો શુદ્ધ સંકલ્પના બળથી તે ઝેરની અસર કે ઝેરને અમૃતમાં પલટાવી શકે છે.

**પ્રશ્ન** : જ્ઞાનેશ્વરે ઓટલો ચલાવ્યો તે વાતમાં શંકા થાય છે કેમ કે ચેતન વસ્તુપર તો જ્ઞાની કે યોગીની સત્તા હોય. પણ જડપર કેવી રીતે હોઇ શકે?

**ઉત્તર** : જ્ઞાની કે યોગીની સત્તા ચેતનપર હોય છે, તેમ જડપર હોય છે. અલબત્ત, આ સિદ્ધ યોગીઓને પૂર્ણ બ્રહ્મદશાને પ્રાપ્ત જ્ઞાનીની વાત છે. આવા મહાપુરુષ પ્રકૃતિપર પણ વિજય મેળવી શકે છે, આ વાત પાતંજલ યોગદર્શનમાં કહી જ છે. જ્યાં પ્રકૃતિપર વિજય આવ્યો, એટલે પ્રકૃતિના બધાં જ તત્ત્વો કે પંચમહાભૂત પર પણ વિજય આવી જાય છે. ઓટલો પૃથ્વીતત્ત્વમાં આવી જાય છે, એટલે તેને ચલાવ્યો હોય એ સમજી શકાય છે. એમાં શંકા જેવું કાંઇ જ નથી. જડ ને ચેતન બંને પર મહાપુરુષનો કાબૂ આવી શકે છે.

**પ્રશ્ન** : આવા મહાપુરુષ અત્યારે કોઇ હશે?

**ઉત્તર** : ઈશ્વરની સૃષ્ટિમાં કોઇ વસ્તુની કદી કમી નથી.

**પ્રશ્ન** : તે કેવી રીતે મળે?



**ઉત્તર** : પહેલાં તે માટે તમારી યોગ્યતા તૈયાર કરવી જોઇએ. તમે સાચા અધિકારી બનશો એટલે તમારી સામે તે આપોઆપ ને સ્વેચ્છાએ પ્રગટ થશે.

**પ્રશ્ન** : સ્ત્રીઓ આવે તે પહેલાં જ તમારી પાસે આવી જવાની ઈચ્છાથી આજે અમે વ્હેલા આવ્યા છીએ. સ્ત્રીઓ આવે છે. એટલે ગમતું નથી. તત્ત્વજ્ઞાન ને ધર્મની વાતોમાં સ્ત્રીઓ શું સમજી શકે?

**ઉત્તર** : તમારી વાણીમાં અભિમાનનો સૂર દેખાય છે. સ્ત્રીઓ ધર્મ ને તત્ત્વજ્ઞાનમાં ના સમજી શકે એ વાત ભૂલભરેલી છે. સ્ત્રી ને પુરુષના બાહ્ય કલેવરની અંદર ડોકિયું કરો તો તેમના આત્મા એક જ છે. એક જ વિશ્વનિયંતા પરમાત્માની તે પ્રતિચ્છાયા છે. બંને ધર્મ ને ઈશ્વરની વાતો સારી પેઠે સમજી શકે છે. તમે જ્ઞાનની મોટી વાતો કરશો ને તે કદાચ ન સમજી શકે તોપણ શું થયું? તેમનાથી જે ગ્રહણ થશે તેટલું તે ગ્રહણ કરશે જ.

ને સ્ત્રીપ્રત્યેનો મીઠો તિરસ્કાર પણ જ્ઞાનીમાં ન હોવો જોઇએ. એવા ભેદથી ભરેલા જ્ઞાનીને જ્ઞાની કહી શકાય જ નહીં. જ્ઞાની તો સારા જગતમાં ઈશ્વરને જુએ છે. તેને સ્ત્રીનો ડર શા માટે? ભારતીય સંસ્કૃતિનો મહાન ધર્મગ્રંથ ગીતા શું કહે છે? મારે શરણે આવવાથી હે અર્જુન! સ્ત્રી, વૈશ્ય ને શૂદ્ર પણ તરી જાય છે.

હા, તમારા મનની ચંચલતાને દૂર કરો. એટલે તમને કોઇ વસ્તુ બાધક નહિ થાય. જે ચંચલ છે, વાસનામય છે, તે મન જ માણસનો સૌથી મોટો શત્રુ છે. તેનાથી જ ચેતતા રહેવાની જરૂર છે.

**પ્રશ્ન** : મુક્તિ કે જીવનના કલ્યાણ માટે સીધો, સુંદર અને સહેલો ઉપાય કયો?

ઉત્તર : સહેલું તો દુનિયામાં કંઈ જ નથી. ને તમે સહેલું શોધો છો પણ શું કામ? વસ્તુનું મહત્ત્વ જેટલું મોટું તેટલી જ તેની કિંમત પણ ભારે ચૂકવવી પડે જ છે. તે ચૂકવી આપવામાં જ બહાદૂરી છે. તેની કલ્પનાથી ડરીને પાછીપાની કરવામાં કાયરતા છે, બાકી સીધો ને સુંદર ઉપાય પૂછતા હો તો તે પ્રભુનો પરમ–વિશ્વાસ–જેને સામાન્યભાષામાં ભક્તિ કહે છે તે છે. પ્રભુને સર્વ સમર્પણ કરો–સાચા દિલથી, પછી તે બધું સંભાળી લેશે. પરંતુ પ્રેમ વગર આવું સમર્પણ થઈ શકતું નથી.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭
ફોન : ૨૨૮૨૩૧



## Meeting with MAA Sarweshwari (2)

[In Continuation of Nov.-2000] **USHA DESAI**

The next day both pulled me aside and told me out of loving concern for Maa, to be very gentle with Maa's feet because it is still so delicate from her recent surgery. I was scared of hurting Maa. I sat and I glanced at the two Swaroops on the wall. One was of Shrimad Rajchandra and the other was of Shri Yogeshwarji. I knew from my family that Prabhu was Maa's Guru. So I looked at Prabhu and said with attitude, "I know you loved her dearly so I am hoping you will make sure I don't hurt her." Maa in her infinite wisdom knew how scared I was of hurting her and she put me at ease right away by making me feel important and wanted. A thought came to me while I was massaging Maa's feet that this is why I became a nurse. I was destined to one-day get to do seva by actually touching her feet. I also knew that Maa's car accident was my Prasaadi. Thank you. Maa.

The next morning when I woke up I decided that I was going to pray to Yogeshwar Prabhu for the first time in my life. I prayed to Prabhu for Maa to make her have the strength to do everything she did before the accident. Heal her bones as if there was never any fracture. Thank you Prabhu. Then I Kept chanting "Om Yogeshwarai Namah" all the way to devoteels house. I felt that Prabhu was with me. In Maa's room some people present in the room. Maa was having a written conversation with the people in the room. As I was messaging I started feeling a warm soon. The heat was so intense that I had beads of sweat dripping down my back, but everyone in the room seemed comfortable, The windows were open and the curtains were moving with the breeze coming in. I knew that the heat was coming from Maa. Maa kept trying to pull her foot away from me, as if she knew that I would be overwhelmed with her energy. Maa kept interrupting my chanting to include me in the conversation, but I would give a reply and go right back to chanting. Later told me, "how



lucky you are to be able to touch Maa's feet? There are people in heaven waiting to touch a Saint's feet, you get to do it here on earth. I felt really honored and humbled that Maa chose me out of all the people around her. I knew I must be reaping the harvest of something good I had done in my previous life. Thank you Maa, for letting me serve you.

For about three weeks I went almost every day to massage Maa's feet. My personal schedule is very busy, I am on my feet all day because I work in the operating room. Maa has her own agenda and also had many people visit her. Many times I would not start the massage till eight o'clock in the evening. I never felt tired. and when I woke up in the morning I would be refreshed. Maa always gave me prasaad and told me to eat it on the way so that I won't feel sleepy. I did fifty-one pranaams and Maa turned around and told me these pranaams that I have done are deposited in Usha's account in heaven. Maa is always thinking of us. I am so thankful to you Maa.

One day while I was massaging Maa's feet, she started questioning me about my work and the doctor I worked with. She asked if he believed in God then asked if I prayed at work. I said, yes, "sometimes while I am working I would sing. later I realized Maa was asking me if I ever prayed for my patients. From that day on when I say my morning prayers, I always say a prayer for my patients. The surgeon I work with does a lot of cancer operations. About eight months ago one of my patients that was going to have surgery was a Father (priest.) He was surrounded with Nuns that worked with him. As I approached him I smiled and asked him how he was doing. He wanted to know if I would be with him in the operating room. I smiled reached out my hands, touched him and said, "yes, Father everything is going to be okay." The following week I went to see that patient in ICU. As I entered the room I smiled and said good morning, Father. you remember me? He said, "yes. you are Usha. I remember I was so scared the day of the surgery, but when you smiled and touched



my hand I immediately felt calm." I realize that what he felt was the peace and silence I asked Maa for, so that I can focus on my work. I said, "Thank you, for sharing that with me Father. I realized the power of praying for others and I have Maa to thank for teaching me this.

My first Shibir was in Calgary, Canada (1999.) I had the opportunity to give a talk about Maa's lab work with several other devotees who were attending the Shibir. Maa gave me a perfect opportunity to become aquainted with the devotees at the Shibir. Important things I learned at the Shibir from Maa., was how disciplined she is in everything she does!

In many professions as in mine, your success is judged by how well you accomplish your goals. At work I always write out my goals. how and when I am going to accomplish it. What I was lacking in my spiritual life was goals. So last Shibir I wrote some goals down.

My first goal was to be more disciplined in

my eating. Watching Maa I realized that you have to take care of your body by eating healthy. If God lives in our body then our body should be considered a temple so what we put in our body should be healthy too. I also planned to exercise by walking 2-3 miles at least three times a week, if I walked more all the better. I have been successful at both. Thanks to Maa's blessings. My second goal was to do MALA. pranaam and read "Opening Doors Within" every day. I have been successfully doing this for the past year.

The third goal was to publish articles in the "અધ્યાત્મ" and educate our people in health matters. Maa has always told me that as a nurse it is my responsibility to educate people whenever I get a chance. This goal I tried to cheat a little bit. Since my article from the last shibir (1999) in Calgary on Maa's lab work got published I told myself that it counts for one publication. I also got quite a few phone calls from people consulting about a name of a good surgeon. I also had one of the patient's and his wife stay at our house while he was recovering from his surgery. So I told



myself I had met my goal for the year. Maa had other plans for me. A couple of months ago I was asked by a doctor to give a talk to doctors who are going into first year surgical residency. I said no because I did not think I could teach doctors. I am just a nurse. The doctor told me, Usha I think you are ideal for this talk please think about it before you give me your answer. Two days later as I was looking for something in the "gadhi" I found my journal from last years shibir and as I picked up the journal it fell open to the page where I had my goals written. When I saw my goal about education, I realized that this was what I had prayed for and that Maa was making it possible for me to accomplish this goal. I knew that Maa would not give me something that I was not capable of doing, I was the one putting limits on myself. This taught me a very important lesson that when you have an opportunity like this come your way, think about it, before you say no, because it could be the answer to your prayers. Just two weeks before I came to the shibir I gave my lecture, Out of five speakers three were doctors, one was a sales

representative and myself. At the end of all the lectures an evaluation was passed out and I was rated as the best speaker. Had Maa not given me this opportunity, I would never have had the chance to know what I was capable of. Thank you Maa.

I would like to end by reading a parable from The Mother :

**Supreme Lord.**

Teach us to be silent, that in silence
We may receive your Force and understand
Your will

I want to thank Maa for giving me this opportunity to give this talk. Maa Pranaam. I pray that I am with you in every life and that I never forget my Bhakti, that it grows each lifetime. I ask for your blessings. Hari Om.

O



પૂ. મા

# શ્રી સર્વેશ્વરી સાથેની મુલાકાત-(૨)

(નવે.-૨૦૦૦ ના અંકથી આગળ) અનુવાદ : તંત્રી

બીજા દિવસે (પૂ. માના) કેટલાક ભક્તોએ મને એક બાજુ લઇ જઇને-પૂ. મા પ્રત્યેની લાગણીથી પ્રેરાઇને કહ્યું કે પૂ. માના પગને ખૂબ હળવેથી સ્પર્શ કરજો કારણ કે થોડા સમય પહેલાં જ કરેલ ઓપરેશનનો ઘા હજી તાજો છે. આથી પૂ. માને મારાથી પીડા તો નહિ પહોંચાડાઇ જાય એની ભીતિ લાગી ગઇ! (આથી) નીચે બેસી, ભીંત ઉપર રાખેલાં બે સ્વરૂપો તરફ મેં જોયું આ બે સ્વરૂપોમાં એક શ્રીમદ્ રાજચંદ્રજીનું અને બીજું મહાત્મા શ્રી યોગેશ્વરજીનું હતું. મેં જાણેલું કે પ્રભુ (મહાત્મા યોગેશ્વરજી) પૂ. માના ગુરુ છે. મેં પ્રભુ સામે જોયું અને આદરપૂર્વક કહ્યું, "હું જાણું છું કે પૂ. માને તમે ખૂબ પ્રેમ કરતા હતા. તેથી મારાથી તેમને કોઇ પ્રકારની પીડા ના થઇ જાય તેની ખાત્રી કરી લેજો."

મેં જેવા મસાજ કરવા માંડયા કે પૂ. મા તેઓની અનંત જ્ઞાનશક્તિથી જાણી ગયાં કે મારાથી તેમના પગે કોઇ પીડા ના થઇ જાય, તેની કેવી ભીતિ હું અનુભવી રહી છું. એથી હું કેવી મહત્ત્વની અને ઉપયોગી વ્યક્તિ છું એવું જણાવીને મને જાણે કે એકદમ સ્વસ્થ ને હળવી કરી દીધી. એ વખતે પૂ. માના પગને મસાજ કરતાં મને વિચાર આવ્યો કે શું હું આટલા માટે જ નર્સ થઇ છું? મારા ભાગ્યમાં એક દિવસ પૂ. માના પગને ખરેખર સ્પર્શ કરીને સેવા કરવાનું લખાયું હતું. એટલા માટે જ પૂ. માની

ગાડીને અકસ્માત્ થયો અને પૂ. માની આ સેવા મારા માટે પ્રસાદી બની ગઇ! મા આપનો ખૂબ ખૂબ આભાર.

બીજા દિવસે સવારે હું જાગી ત્યારે મેં નક્કી કર્યું કે આજે હું યોગેશ્વર પ્રભુને મારા જીવનમાં પહેલી જ વાર પ્રાર્થના કરીશ—મેં મા માટે એવી પ્રાર્થના કરી કે અકસ્માત્ પૂર્વે પૂ. મામાં જે બધું કરવાની શક્તિ હતી તેવી શક્તિ એમને આપજો, અને તેમના હાડકાંઓને એવાં સાજાં કરી દો કે જાણે કદી કોઇ હાડકું તૂટયું જ ન હતું. તે પછી 'ઓમ યોગેશ્વરાય નમઃ' એવો જપ કરતાં કરતાં હું પૂ. માના ઉતારાના ઘરે પહોંચી. મને એવું લાગ્યું કે પ્રભુ મારી સાથે જ છે. માના રૂમમાં મેં જોયું તો તેઓ લખીને, આવેલા લોકો સાથે વાત કરી રહ્યાં હતાં. જેવી હું મસાજ કરવા લાગી કે મને તુરત જ ગરમાશનો અનુભવ થવા લાગ્યો. આ ગરમાશ એટલી ભારે હતી કે મારા વાંસે પરસેવો ઉતરવા લાગ્યો. જ્યારે ઓરડામાંના બીજા બધાંઓને આવી ગરમી નહોતી લાગતી. રૂમની બારીઓ ઊઘાડી હતી અને બહારથી આવતી હવાને લઇને પડદા હાલતા હતા. મને જણાયું કે આ ગરમી પૂ. મામાંથી આવી રહી છે. પૂ. મા મારી પાસેથી પોતાનો પગ ખેંચી લેવાનો પ્રયત્ન કરતાં રહ્યાં એટલા માટે કે જાણે હું તેઓની શક્તિઓથી ઉભરાઇ જઇશ. પાછળથી એક ભક્તે મને કહ્યું કે તમે કેવાં ભાગ્યશાળી છો કે માના પગનો સ્પર્શ કરી શકો છો. સ્વર્ગની અંદર પણ કેટલાક લોકો સંતના પગનો સ્પર્શ પામવા ઝંખી રહ્યા હોય છે જ્યારે તમે અહીં પૃથ્વી ઉપર તે પામી રહ્યાં છો. આથી મને લાગ્યું કે હું કેટલી બધી ભાગ્યશાળી છું કે પોતાની આસપાસના અનેક માણસોમાંથી આ સેવા માટે મારી પસંદગી કરી છે. પૂર્વજન્મના કોઇ સત્કર્મનું ફળ હું મેળવી રહી છું એમ મને લાગ્યું, એ માટે મા આપનો ખૂબ જ આભાર.



સતત લગભગ ત્રણ અઠવાડીયાસુધી હું દરરોજ પૂ. માના પગે મસાજ કરવા જતી. મારો વ્યક્તિગત કારોબાર પણ ખૂબ ભરચક હોય છે. આખો દિવસ મારે ખૂબ દોડાદોડ રહે છે કારણ કે હું ઓપરેશન થિયેટરમાં કામ કરું છું. પૂ. માનો પોતાનો પણ કાર્યક્રમ હોય છે અને તેઓને મળવા આવનારાની સંખ્યા પણ ઘણી હોય છે. આથી ઘણીવાર એવું બનતું કે સાંજના આઠ વાગ્યાસુધી મસાજ કરવાનું શરૂ કરી શકતી નહીં. મને કદી થાક લાગતો નહીં અને સવારે જાગું ત્યારે હું ખૂબ સ્ફૂર્તિ અનુભવતી. પૂ. મા હંમેશા મને પ્રસાદ આપતાં અને કહેતાં કે રસ્તે જતાં આ ખાજે જેથી તને ઊંઘ નહીં આવે. એક દિવસ મેં એકાવન પ્રણામ કર્યા તો પૂ. માએ કહ્યું કે સ્વર્ગમાં ઉષાના ખાતામાં આ જમા થઇ ગયા.

એક દિવસ પૂ. માને પગે હું મસાજ કરતી હતી ત્યારે માએ મારાં કામ અને ડોક્ટરો વિષે પૂછવા માંડયું. પરંતુ પાછળથી મને એ સમજાયું કે પૂ. મા એ જાણવા માગતાં હતાં કે મેં કદી મારા દર્દીઓ માટે પ્રાર્થના કરી છે? એ દિવસ પછીથી હું જ્યારે મારી પ્રાર્થના કરું ત્યારે હંમેશા હું મારા દર્દીઓ માટે પણ પ્રાર્થના કરતી. જે સર્જનની સાથે હું કામ કરતી તેઓ કેન્સરના ઘણાં ઓપરેશન કરતા. અંદાજે આઠેક મહિના પહેલાં, મારા દર્દીઓ-માંના એક, જેમની સર્જરી કરવાની હતી, તેઓ એક પાદરી હતા. તેઓ તેમની સાથે કામ કરતી સાધ્વીઓથી ઘેરાયેલા રહેતા. તેમની પાસે પહોંચતાં જ મેં સ્મિત સાથે પૂછ્યું કે તેઓને કેમ છે? તેઓ જાણવા માગતા હતા કે તેઓના ઓપરેશન વખતે ઓપરેશન થિયેટરમાં હું હોઇશ કે કેમ? સ્મિત સાથે મેં તેઓના હાથોને સ્પર્શ

કરી કહ્યું કે હા, (હું ત્યાં હોઇશ). ફાધર (પાદરી માટે માનવાચક શબ્દ) ચિન્તા ના કરતા, બધું સરસ થઇ રહેશે. તે પછીના અઠવાડિયે હું તે દર્દીને જોવા માટે આઇસીયુ વોર્ડમાં ગઇ.

દરવાજામાં પ્રવેશતાં જ સસ્મિત મેં નમસ્તે કરી પૂછ્યું, “ફાધર, મને ઓળખી?” તેઓએ કહ્યું, “હા, તું ઉષા છે.” મને યાદ છે કે ઓપરેશનના દિવસે મને ડર લાગતો હતો, પરંતુ તે હાસ્ય સાથે મારા હાથને સ્પર્શ કર્યો કે મને એકદમ શાન્તિ થઇ ગઇ.” મને ખાત્રી થઇ કે પૂ. માને હું જે પ્રાર્થના કરું છું તેના પરિણામે દર્દીને તન અને મનની શાન્તિનો અનુભવ થયો. તેથી તો હું મારું ધ્યાન મારા કામપર કેન્દ્રિત કરી શકતી. મારી એ લાગણીના સહભાગી થાવા બદલ મેં ફાધરનો આભાર માન્યો. આમ બીજાઓ માટે કરાતી પ્રાર્થનાની શક્તિનો મેં અનુભવ કર્યો અને તે મને શીખવવા માટે મારે માનો આભાર માનવો રહ્યો.

મારી પહેલી શિબિર કેલગરીમાં સને ૧૯૯૯ માં થઇ ત્યારે પૂ. માના પગે થયેલ અકસ્માત્ અંગે મારે વક્તવ્ય આપવાનું બનેલું. જેમાં મેં દાક્તરી દૃષ્ટિબિન્દુથી તેની રજૂઆત કરેલી. તે વખતે પૂ. માના મેડિકલ રીપોર્ટોની સરખામણી શિબિરમાં ઉપસ્થિત બીજા કેટલાક ભક્તોના આવા રીપોર્ટો સાથે કરેલી. આમ પૂ. માએ મને શિબિરમાં ઉપસ્થિત બીજા ભક્તો સાથે પરિચિત થવાની પૂરી તક આપી. શિબિરમાંથી હું જે બાબતો શીખી, તેમાં પૂ. મા તેઓ જે કંઇ કરે છે તેમાં કેટલાં બધાં શિસ્તબદ્ધ ને ચોક્કસ છે, તે મહત્ત્વ હતી.

મારા જેવા ઘણા વ્યવસાયોમાં તમે તમારા લક્ષાંકો કેટલી સફળતાથી સિદ્ધ કરો છો, તેના ઉપરથી તમારી સફળતા આંકવામાં



આવે છે. હું મારા કામો અંગે મારાં લક્ષાંકો હંમેશાં નોંધુ છું કે કયું કામ ક્યારે અને કેવી રીતે સિદ્ધ થશે. જ્યારે મારા આધ્યાત્મિક જીવન અંગે મેં કોઇ લક્ષાંક રાખ્યાં ન હતાં. એટલે કેલગરીની પહેલી શિબિરના અંતે મેં મારા આવાં લક્ષાંકો નોંધ્યાં.

મારું પહેલું લક્ષાંક મારે ભોજનમાં નિયમબદ્ધ થવું તે હતું. પૂ. માનું નિરીક્ષણ કરતાં મને પ્રતીતિ થઇ કે તમારે તમારા શરીરની—યોગ્ય પોષક આહાર જ લઇને—જાળવણી કરવી જોઇએ. જો ભગવાન આપણા શરીરમાં વસેલો હોય તો આપણું શરીર એ ભગવાનનું મંદિર થયું. એથી એમાં આરોગ્ય ને પોષક ખોરાક લેવો જોઇએ. મેં અઠવાડિયે બેથી ત્રણ માઇલ ચાલવાનો નિયમ કર્યો. તેનાથી વધારે ચાલી શકું તો વધારે સારું.

આ બંને નિયમોના પાલનમાં પૂ. માના આશીર્વાદના લીધે હું સફળ રહી—મારો બીજો નિયમ હતો કે મારે રોજ માળા, પ્રણામ કરવા અને “અંતરનાં ઊઘડતા દ્વાર” રોજ વાંચવી. છેલ્લા એક વર્ષથી હું સફળતાપૂર્વક આ કરી શકી.

ત્રીજું લક્ષ્ય અધ્યાત્મમાં (આરોગ્ય વિષેના) લેખો લખીને પ્રસિદ્ધ કરવાનું, જેથી યોગેશ્વર પરિવારના ભક્તોમાં આરોગ્યની જાળવણી અંગેની સભાનતા કેળવાય. પૂ. માએ મને હંમેશાં કહ્યું છે કે એક નર્સ તરીકે મારી એ જવાબદારી છે કે જ્યારે તક મળે ત્યારે લોકોને મારે તે સંબંધે શિક્ષિત કરતાં રહેવું. આ ધ્યેયઅંગે મેં થોડી વાતચીતદ્વારા પ્રયત્ન કર્યો છે. ૧૯૯૯ ની કેલગરી શિબિરમાં પૂ. માના આરોગ્ય વિષેનો મારો એક લેખ છપાયો તેથી મેં સંતોષ માન્યો કે એક લેખ તો છપાયો. તે પછી કોઇ સારા સર્જનનું નામ બતાવવા અંગેનું માર્ગદર્શન માગતા કેટલાક ફોન મને મળ્યા. આ

ઉપરાંત એક દર્દી એમની પત્ની સાથે, સર્જરી પછી સારા થવા માટે મારી સાથે મારા ઘરમાં જ હતા. એટલે મેં મારી જાતને કહ્યું કે ચાલો, આ વર્ષ માટે આટલું પૂરતું છે.

પૂ. માની મારા માટે બીજી યોજના પણ હતી. બેએક મહિના પહેલાં મારા ડૉક્ટર સાહેબે મને કહ્યું કે સર્જરીના ક્ષેત્રમાં જે દાક્તરો હજી પહેલા વર્ષનો અભ્યાસ કરી રહ્યા છે તેમની સમક્ષ મારે વાર્તાલાપ આપવો. મેં તેની ના પાડી કારણ કે હું તો એક નર્સ, દાક્તરી ભણનારાઓને હું શું ભણાવી શકું! મારા ડૉક્ટર સાહેબે મને કહ્યું, "ઉષા, (મારી દૃષ્ટિએ) તું ઉત્તમ રીતે શીખવી શકીશ એટલે ના પાડતા પહેલાં ફરી જરા વિચારી જવાબ આપજે."

બે દિવસ પછી હું મારી ગાદી નીચે કંઈક શોધી રહી હતી, ત્યાં મારા હાથમાં ગયા વર્ષની શિબિરની નોંધપોથી આવી અને જેવી મેં એ ઊઘાડી કે તેમાં મેં મારા ગયા વર્ષે જે ધ્યેયો નોંધ્યા હતા તે પાનું જ નીકળ્યું. તેમાં શિક્ષણ અંગેનો મેં જે સંકલ્પ કરેલો અને જેને માટે મેં પ્રાર્થના પણ કરેલી જાણે તે સંકલ્પ સિદ્ધ થાય તે પૂ. મા મારે માટે શક્ય બનાવી રહ્યાં હતાં એવું મને લાગ્યું. હું જાણતી હતી કે જે કરવા હું સક્ષમ ન હોઉં તેવું કામ મને સોંપે જ નહિ. જ્યારે હું મારી જાતે જ મારા ઉપર મર્યાદાઓ લાદી રહી હતી. આ પરથી હું અગત્યનો એ બોધપાઠ શીખી કે જ્યારે જીવનમાં આ પ્રમાણેની તક આવે, ત્યારે ના પાડતાં પહેલાં તે આપણી પ્રાર્થનાના પ્રત્યુત્તરરૂપ તો નથી ને, એ વિચારી લેવું.

શિબિરમાં આવવાના બે અઠવાડિયા અગાઉ મેં મારું વક્તવ્ય આપ્યું. પાંચ વક્તાઓમાં ત્રણ તો ડૉક્ટરો હતા, એક સેલ્સ પ્રતિનિધિ અને એક હું હતી. વક્તવ્યો પૂરાં થયાં પછી તેની



સમીક્ષા કરવામાં આવી અને મને આ બધાઓમાં શ્રેષ્ઠ વક્તા તરીકે જાહેર કરવામાં આવી. જો પૂ. માએ મને આવી તક પૂરી પાડી ના હોત તો મારામાં કેટલી સક્ષમતા રહેલી છે, તે હું કદી જાણી શકી ના હોત. આ માટે પૂ. માનો ખૂબ ખૂબ આભાર.

મારું આ વાંચન પૂરું કરતાં હું એક કહેવત ટાંકું છું :

હે પરમાત્મા અમને શાંત થતાં શીખવો કે જેથી અંતરની એ શાન્તિમાં અમને તારી શક્તિ પ્રાપ્ત થાય. અને આપની ઇચ્છાને હું ઓળખી શકું.

પૂ. માનો હું ખૂબ આભાર માનું છું કે આ વાર્તાલાપ આપ સહુની સમક્ષ આપવાની મને તક મળી. હે મા, હું પ્રાર્થું છું કે દરેક જન્મમાં મને આપનું સાન્નિધ્ય મળે, અને હું મારી (આપના પ્રત્યેની) ભક્તિનું મને કદી વિસ્મરણ ના થાય, એટલું જ નહિ પણ તે ઉત્તરોત્તર વધતી જ જાય. આપના આશીર્વાદની યાચના સાથે હરિઃ ૐ.

## ૨૦૦૧ની શુભેચ્છાઓ

વિદેશોમાં વસતા ભાઈબહેનોને સને ૨૦૦૧ ના નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવીએ છીએ. દેશ અને દુનિયામાં સુખ, શાન્તિ ને આબાદી હો. તનની સુખાકારી સાથે સહુને મનની શાન્તિ પણ ઇસુખ્રિસ્ત પ્રભુ આપે એ જ પ્રાર્થના.

— તંત્રી

# સંત સમાગમ

યોગેશ્વરજી

## મહાત્મા પુરુષોની અમોઘ શક્તિ

ઉત્તરાખંડના પવિત્ર પ્રદેશમાં આવેલ નિસર્ગરમ્ય સ્થળ દેવપ્રયાગ બહુ જ સોહામણું છે. હરદ્વાર અને ઋષિકેશથી આગળ વધી, બદરી–કેદારની યાત્રાએ જનારના માર્ગમાં એ સ્થળ તો આવે જ.

ઊંચા પર્વતોની ગોદમાં વસેલા એ સ્થળમાં પ્રવેશતાં જ પ્રવાસીનું મન મુગ્ધ બની છલકાઇ ઊઠે છે. અલકનંદા અને ભાગીરથી નદીના સંગમની આજુબાજુ વસેલું દેવપ્રયાગ, ખરેખર, એના નામ પ્રમાણે દેવોના પ્રયાગ જેવું જ દેખાય છે.

આજથી લગભગ વીસ વર્ષ પહેલાં ત્યાં એક એકાન્તપ્રિય મહાત્મા રહેતા. એમની વય ઘણી નાની હોવા છતાં, દેવપ્રયાગના લોકો એમને ખૂબ પૂજ્યભાવે જોતા. એ મહાત્મા ગામથી થોડે દૂર જંગલમાં આવેલ કોઇ જમીનદારના મકાનમાં રહેતા. લોકો સાથે એમનો બહુ ઓછો–જરૂર પૂરતો જ સંપર્ક રહેતો. તેમનો મોટા ભાગનો સમય સાધના તેમ જ આત્માનુસંધાનમાં પસાર થતો.

એકવાર તેઓ રહેતા એ મકાનના માલીક–જમીનદારે એમને ત્યાં આવીને કહ્યું, 'મારા જીવનમાં સર્વ પ્રકારનું સુખ છે–પણ પુત્રસુખની ઊણપ છે, એથી મારી માતાનું મન ઉદ્વિગ્ન રહે છે. ઘરમાં પણ શાંતિ રહેતી નથી.'

'પુત્ર થવાથી શાંતિ મળશે જ એમ કેમ માનો છો? મહાત્માએ પૂછ્યું, 'સંતાનથી કોઇને શાંતિ મળી છે? તમે તો



પંડિત અને વિચારશીલ છો, એટલે સહેલાઇથી સમજી શકો છો કે શાંતિ બહારથી નહિ, પણ પોતાની અંદરથી જ મળે છે.'

'છતાં મારે પુત્ર જોઇએ છે, ને મને ખાત્રી છે, કે પુત્રપ્રાપ્તિ નહિ થાય ત્યાંસુધી મારું ચિત્ત અશાંત જ રહેશે.' પંડિત જમીનદાર બોલ્યા.

'તમારે બે પુત્રીઓ છે તેને પુત્ર સમોવડી માની લો તો?'

'નથી માની શકતો એટલે હૃદય દુઃખી રહે છે.' અને થોડીવાર શાંત રહ્યા બાદ જમીનદાર આગળ બોલ્યા, 'મને અત્યારની સ્ત્રીથી પુત્ર નહીં મળી શકે, એમ મારા ગ્રહયોગો કહે છે. જ્યોતિષશાસ્ત્રમાં નિષ્ણાત હોવાનો મારો દાવો છે અને કુંડલીનો અભ્યાસ તથા ગણતરીથી મેં જાણી લીધું છે, કે આ પત્ની મને પુત્ર નહીં આપી શકે. બીજી પત્ની કરવી જ પડશે.'

જમીનદારની આવી વાત સાંભળી મહાત્માપુરુષે ચમકીને પૂછ્યું, 'બીજી પત્ની? તમારા જેવા પંડિત અને શાણા પુરુષ એક બીજી સ્ત્રી કરે તે શું સારું કહેવાય? એથી તમારી અત્યારની સ્ત્રીને કેટલું દુઃખ થાય તેનો વિચાર તો કરી જુઓ. વળી સામાન્ય લોકો ઉપર પણ તેની છાપ કેવી પડે? તમારું વર્તન તો લોકદૃષ્ટિએ પણ આદર્શ અને અનુકરણીય હોવું જોઇએ.'

મહાત્માના આ શબ્દોની કોઇ અસર જમીનદાર ઉપર થઇ નહીં. એમણે સ્પષ્ટ શબ્દોમાં કહી નાંખ્યું, 'મેં તો બીજી પત્ની કરવાનો નિર્ણય કરી લીધો છે–અને આપના આશીર્વાદ માટે જ અહીં આવ્યો છું.'

'આવા અયોગ્ય કાર્ય માટે મારા આશીર્વાદ કેમ મળે? તમે બીજી પત્ની કરીને અત્યારની સ્ત્રીના જીવનને વધારે દુઃખી બનાવી દેશો. અને એ બીજીને પણ પુત્ર નહીં થાય તો શું કરશો?'

'બીજી પત્નીને જરૂર પુત્ર થશે.'

'તમે શી રીતે જાણ્યું?'

'મારા ગુરુનો પણ એ જ અભિપ્રાય છે. તેઓ જ્યોતિષના ખૂબ અભ્યાસી અને અનુભવી છે. ગઢવાલમાં જ નહિ. પણ ભારતમાં ય એમના જેવા જ્યોતિષાચાર્ય ભાગ્યે જ મળી શકે. છેલ્લા બે દિવસથી તેઓશ્રી મારે ત્યાં પધાર્યા છે—એમના પ્રત્યે મને ભારે શ્રદ્ધા—ભક્તિ છે, અને એમના આશીર્વાદ પણ મળી ગયા છે.'

'ત્યારે તો બીજાં લગ્ન કરવાના છો?'

'જરૂર. મારો એ નિર્ધાર છે.' જમીનદાર બોલ્યા.

'મને તમારો આ વિચાર પસંદ નથી.' મહાત્મા મક્કમતાથી બોલ્યા.

'પણ મારા ગુરુને પસંદ છે, એટલે મને નિરાંત છે.'

'મારો અંતરાત્મા કહે છે, કે તમારા ગુરુજીનું કથન બરાબર નથી. મારું માનો તો હજુ પણ નિર્ણય બદલો અને બીજું લગ્ન કરવાનું માંડી વાળો. તમને પુત્રસુખ મળશે પણ તે નવી પત્નીથી નહિ; જૂની સ્ત્રીથી જ મળશે. હું ઈશ્વરની અનંત કૃપાથી એ જાણી શક્યો છું.'

'આપની વાતમાં મને શ્રદ્ધા નથી બેસતી.' જમીનદારે કહ્યું.

'તો પછી જોયા કરો. મારી આગાહી જરૂર સાચી પડશે.' મહાત્મા પુરુષ આટલું બોલી પોતાના કામમાં લાગી ગયા—ને પંડિતજી પોતાના ઘર તરફ વળ્યા.

એ પછી પંદર દિવસમાં જ પેલા જમીનદાર—પંડિતે ફરીથી લગ્ન કર્યું. અલબત્ત, ધામધૂમથી નહિ—પણ શાંતિથી ગુપ્ત રીતે. એમની જૂની પત્ની અણમાનીતી બની, આંસુ સારતી રહી.

આ વાતને લાંબો સમય થઇ ગયો. નવી પત્નીને એક પુત્રી



થઇને ગુજરી ગઇ બીજી દીકરી આવી, પંડિતજી અને નવી સ્ત્રી પુત્રની આશામાં દિવસો પસાર કરવા લાગ્યાં.

બીજા લગ્ન પછી ત્રણેક વર્ષે પંડિતજી એકવાર પેલા મહાત્મા પુરુષને લઇ, દેવપ્રયાગથી દસ—બાર માઇલે આવેલા 'ચંદ્રવદની દેવી'ના એકાંત સ્થળે થોડાક દિવસો રહેવા અને એક શેઠનું અનુષ્ઠાન કરવા ગયા. અનુષ્ઠાન પૂરું કરી, બીજા બે—ત્રણ પંડિતો સાથે, પર્વત પરથી નીચે ઊતરી રહ્યા હતા ત્યારે રસ્તામાં, એક ભાઇનો મેળાપ થયો, એ ભાઇએ કહ્યું :

'હું આપને ખાસ શુભ સમાચાર આપવા આવ્યો છું. તમારે ઘેર આજે પુત્રજન્મ થયો છે.'

આ શુભ સંદેશ સાંભળી, પંડિતજીના આનંદનો પાર રહ્યો નહીં. એમની લાંબા સમયની એક માત્ર આશા પાર પડી હતી.

'પુત્ર કોની કુખે આવ્યો?—નવીને કે જૂનીને?' મહાત્માએ પૂછ્યું.

'જૂની સ્ત્રીને' વધામણી લાવનાર ભાઇ બોલ્યો.

'ઈશ્વરે સારું કર્યું. એને ન્યાય મળ્યો. હવે તે શાંતિથી જીવી શકશે.'

—અને પેલા જમીનદાર—પંડિત મહાત્મા પુરુષના પગમાં પડી ગયા.

* * *

થોડા મહિના પછી પેલી નવી પત્નીને ક્ષયરોગ લાગુ પડતાં તે મરણ પામી અને એ ઘટનાને વધારે વખત વીતે તે પહેલાં જૂની સ્ત્રી પણ મૃત્યુ પામી. એની યાદગીરી સાચવતો પુત્ર આજે તો ઘણો મોટો થઇ ગયો છે અને હાઇસ્કૂલમાં ભણે છે.

પેલા મહાત્મા પુરુષે પણ દેવપ્રયાગ છોડી દીધું છે—પરંતુ આ

ઘટનાના સાક્ષીરૂપ પંડિતજી તેમ જ એમના સાથીદાર દેવપ્રયાગમાં હજુ છે.

મહાત્મા પુરુષોની વાણીની અમોઘતાનો આ પ્રેરણાદાયક પ્રસંગ છે. જ્યોતિષનો પ્રકાશ નથી પહોંચતો ત્યાં અવધૂત–યોગીઓની આત્મજ્યોતિ પહોંચી જાય છે. એમની અમોઘશક્તિ બીજી બધી શક્તિઓથી વધી જાય છે, તેની પ્રતીતિ આ પ્રસંગ સહેલાઈથી કરાવી આપે છે. એવા મહાત્મા પુરુષોની અસીમ શક્તિને આપણા વારંવાર વંદન!

### વિવેકાનંદે જોયેલો પ્યાલો

વેદાંતકેસરી સ્વામી વિવેકાનંદ મહાન જ્ઞાની, કર્મયોગી તથા માનવતાપ્રેમી તો હતા જ. એમના દિલમાં દેશને માટે ને દુનિયાના બધા જ નાનામોટા પંડિતને બંધનગ્રસ્ત જીવોને માટે લાગણી હતી એ પણ સાચું, પરંતુ એમના જીવનનું એક બીજું પાસું પણ હતું. અનંત આત્મબળ અને એની પાછળ એમના ગુરુ શ્રી રામકૃષ્ણ પરમહંસની કૃપા તથા એમની પોતાની ઊંડી સાધના કામ કરતી હતી એ બહુ ઓછા માણસો જાણી શક્યા હશે.

એમના એ અદ્‌ભુત આત્મબળનો અથવા એમની અસાધારણ શક્તિનો પરિચય આપતો એક પ્રસંગ અહીં લખી રહ્યો છું. તેના પરથી એ મહાપુરુષને માટે આપણા દિલમાં માન પેદા થશે. એટલું જ નહિ, પરંતુ વિવેકાનંદને જોવાની કે મૂલવવાની એક નવી જ દૃષ્ટિ પણ મળી રહેશે.

એ પ્રસંગ કોઈ સામાન્ય મનુષ્યે નથી લખેલો, પરંતુ વિવેકાનંદ પછી લાંબે વખતે અમેરિકા ગયેલા તથા ત્યાં વરસોસુધી રહેલા સ્વામી યોગાનંદે વર્ણવ્યો છે. એમની આત્મકથાના 'હું પશ્ચિમમાં પાછો ફરું છું.' પ્રકરણમાં એ અમર છે.'



યોગાનંદજી જ્યારે ભારતની મુલાકાત લઈને અમેરિકા પાછા ફર્યા ત્યારે ત્યાંના ભક્તો તથા શિષ્યોને માટે કેટલીક ભેટો લઈ ગયા.

પોતાના ભક્તોમાંના એક મિસ્ટર ડીકીન્સને એમણે એક ચાંદીનો પ્યાલો અર્પણ કર્યો.

તે જોઈને ડીકીન્સને આનંદના ઉદ્‌ગાર કાઢયા, 'આ ચાંદીના પ્યાલાની હું છેલ્લા તેતાલીસ વરસથી પ્રતીક્ષા કરતો'તો...'

યોગાનંદે પૂછ્યું, 'કેવી રીતે?'

એમણે કહ્યું, 'વાત ઘણી લાંબી છે, અને અત્યારસુધી મેં એને મારા હૃદયમાં સાચવી રાખી છે. મારી ઉંમર ફક્ત પાંચ વરસની હતી ત્યારે મારા મોટા ભાઈએ મને રમતાં રમતાં પંદર ફૂટ ઊંડા પાણીમાં ધક્કો માર્યો. તે વખતે હું ડૂબવાની તૈયારીમાં હતો. ત્યારે મને કોઈ રંગબેરંગી પ્રકાશ દેખાયો અને એની વચ્ચે કોઈ શાંત પ્રસન્ન નેત્રોવાળી માનવઆકૃતિનું મને દર્શન થયું. પછી તો મારા ભાઈ તથા મારા મિત્રોની મદદથી હું બચી ગયો.

એ પછી બરાબર બાર વરસે, મારી ઉંમર સત્તર જેટલી હતી ત્યારે, મારી માતા સાથે મારે ચિકાગો જવાનું થયું. ઇ. સ. ૧૮૯૩ માં તે વખતે ત્યાં સર્વ ધર્મપરિષદ ચાલતી હતી. મારી માતા સાથે એક દિવસ મુખ્ય રસ્તાપરથી પસાર થતી વખતે મેં અચાનક બીજીવાર એ પ્રબળ પ્રકાશનું દર્શન કર્યું. રસ્તાથી થોડેક દૂર મને એક માણસ દેખાયા જેમને મેં સ્વપ્નમાં વરસો પહેલાં જોયા હતા. એ સભાખંડ તરફ ચાલ્યા ને અંદર પ્રવેશ્યા.

'માતા!' મેં મારી માતાને કહેવા માંડયું, 'હું પાણીમાં ડૂબતો હતો ત્યારે આજ માણસે મને દર્શન આપેલું.'

અમે સભાખંડમાં પ્રવેશ્યા. એ માણસ પ્લેટફોર્મપર બેઠા હતા અમને માહિતી મળી કે એ સ્વામી વિવેકાનંદ હતા. એમના

પ્રેરણાત્મક પ્રવચન પછી હું એમને મળવા ગયો એ મને લાંબા વખતથી ઓળખતા હોય તેમ મારી તરફ જોઇને હસ્યા. મારે એમને ગુરુ કરવા'તા, પરંતુ મારા વિચારને વાંચી લઇને એના ઉત્તરરૂપે એ કહેવા માંડયા :

'ના, હું તારો ગુરુ નથી. તારા ગુરુને આવવાની હજી વાર છે. તે પાછળથી આવશે ને તને ચાંદીનો પ્યાલો આપશે.'

થોડી વાર અટક્યા પછી એમણે સ્મિતપૂર્વક કહેવા માંડયું, 'એ તારાપર તું આજે અનુભવી શકવાને યોગ્ય છે....એથી પણ વિશેષ કૃપા વરસાવશે.'

એ પછી અમે ચિકાગો છોડયું અને મહાન સ્વામી વિવેકાનંદની મુલાકાત ફરી ન થઇ. વરસો વીતી ગયાં છતાં કોઇ ગુરુ ના મળ્યા ત્યારે ઇ. સ. ૧૯૨૫ માં એક રાતે ગુરુને માટે મેં અત્યંત ઉત્કટભાવે પ્રાર્થના કરી. થોડાક કલાક પછી સંગીતના સુંદર સરોદો સાથે કોઇએ મને નિદ્રામાંથી જગાડયો.

બીજે દિવસે સાંજે જીવનમાં પહેલી જ વાર મેં અહીં લોસ એન્જેલીસમાં તમારું પ્રવચન સાંભળ્યું અને મને ખાતરી થઇ કે મારી પ્રાર્થનાનો સ્વીકાર થયો છે. છેલ્લા અગિયાર વરસથી હું તમારો શિષ્ય થયો છું. ચાંદીના પ્યાલાની વાત યાદ કરીને મને વારંવાર વિસ્મય થતું. કેટલીક વાર એમ પણ થતું કે વિવેકાનંદના શબ્દોનો ફક્ત ભાવાર્થ જ લેવાનો હશે. પરંતુ નાતાલની રાતે તમે ચાંદીના પ્યાલાવાળી પેટી આપી ત્યારે મારા જીવનમાં મને ત્રીજી વાર એ પ્રબળ પ્રકાશનું દર્શન થયું. બીજી જ ક્ષણે મારી નજર ચાંદીના પ્યાલાપર પડી જેને વિવેકાનંદની દિવ્ય દૃષ્ટિ તેતાલીસ વરસ પહેલાં જોઇ ચૂકી હતી. વિવેકાનંદના શબ્દોનું સાચું રહસ્ય મને ત્યારે જ સમજાયું. □



## * શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું *

શ્રદ્ધા ઘણી રાખી રહ્યો છું હું.
હવે તમે વાર કરો છો શું? શ્રદ્ધા૦

સર્વસમર્થ તમોને માની,
ધ્યાન ધરી રહ્યો હું;
જે ધારો તે સર્વ કરી શકો,
આશા મરી ન હજુ. શ્રદ્ધા૦

નાવડુ ડગમગ ડોલે છે મારું,
ગરજે છે આભ ઘણું;
ઊઠે ઉત્તુંગ તરંગ ચોપાસે,
તોય ના દુઃખ ગણું. શ્રદ્ધા૦

લાંબો પ્રવાસ ને સાથ ના કોઇ,
હિંમતે આગે બઢું;
રાતના પડછાયા પડતા છતાંયે,
શોકથી ના જ રડું. શ્રદ્ધા૦

આધાર એક તમારો છે મારે,
આવોને વ્હારે હજુ;
પાગલ પ્રેમને નાતે કરી છે,
અરજી મેં આજ રજુ. શ્રદ્ધા૦

— યોગેશ્વરજી

## * સ્વીકાર *

બંધ બારણે ટકોરા મારીને,
શ્યામે લીધી સ્વીકારી....

કેટકેટલા દિનોથી પોકારતી હું,
કીધી કસોટી ભારી.... શ્યામે૦

મૌનમંદિરનો સાદ સંભળાયો,
આવ્યો અલખ જગાડી.... શ્યામે૦

જીન્દગી સોંપી શ્રી ચરણે એના,
નિશ્ચિંત બનતાં મ્હાલી.... શ્યામે૦

અણુએ અણુમાં આનંદ હેલી,
મસ્ત બનીને નાચી.... શ્યામે૦

* * *

મૌનમંદિરમાં થયેલી પ્રાર્થનાઓ જ્યારે સંભળાવા લાગી ત્યારે જીવનમાં આનંદ છવાઇ ગયો. કેટલાયે દિવસોની કસોટી બાદ મનોકામના પૂર્ણ થઇ ત્યારે કોને મસ્તી ના ચઢે?

ભગવાન શ્રીકૃષ્ણે સંપૂર્ણપણે સ્વીકારી લીધી છે એ ઘટના જ્યારે સત્ય બનીને સામે આવીને ઊભી રહી ત્યારે જીવન નિશ્ચિંત બની ગયું.

એવી પરમ ધન્ય પળોમાં આ ગીત રચાયું.

— મા સર્વેશ્વરી



## રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

તમસા નદીના તટપ્રદેશમાં રથને ઊભો રાખીને લક્ષ્મણે સીતાને આવશ્યક, જીવનોપયોગી સામગ્રી સાથે નીચે ઉતરવામાં મદદ કરી અને કહ્યું : 'મેં મારું કામ પૂરું કર્યું. આ ભીષણ એકાંત અરણ્યમાં તમને એકલાં મૂકીને જતાં મારું હૃદય રડી પડે છે ને કાળજુ કંપી ઊઠે છે. મારી હિંમત નથી ચાલતી. મને લાગે છે કે, હું કોઇ સારું કામ નથી કરી રહ્યો. મારા અંતરમાં એક પ્રકારનો ઊંડો અસંતોષ છે અને મારું દિલ ડંખી રહ્યું છે. તોપણ હું લાચાર છું. મારે કેવળ રામની આજ્ઞાનો અમલ જ કરવાનો હતો, અને એનો અમલ કર્યા સિવાય મેં બીજું કશું જ નથી કર્યું. કર્તવ્યનું આટલું અનુષ્ઠાન પણ મને ખૂંચે છે પરંતુ એમાંથી બહાર નીકળવાનો કોઇ રસ્તો જ નથી દેખાતો. તમારા જીવને આવી અસહાય અથવા કરુણ દશામાં મૂકવા માટે મારો દોષ જરા પણ નથી.'

'દોષ બીજા કોઇનો ય નથી, લક્ષ્મણ!' સીતા કરુણ સ્વરે બોલી ઊઠી : 'દોષ હોય જ તો તે કેવળ મારાં કર્મોના અનુબંધનો છે. એ અનુબંધ જ મને રામના સહવાસનું સુખ આપે છે તથા પાછી આકસ્મિક રીતે એ સહવાસથી વંચિત કરે છે. મારા પ્રેમમાં હજુ કશીક ખામી હશે. બાકી તો મારા દુઃખને માટે બીજા કોઇને ય દોષ નથી દેતી.'

'તમારા પ્રેમમાં તો કશીએ ખામી નથી દેખાતી.'

'એ તો તમને લાગે છે ને? વિધાતાને એવું નહિ લાગતું હોય. નહિ તો એ આવી પરિસ્થિતિ પેદા કરે જ નહિ.'

લક્ષ્મણને શું બોલવું તેની સમજ ન પડી. એ શાંત રહ્યો. પરંતુ પછી તરત બોલ્યો : 'તમસા નદીના તટપ્રદેશપર મહર્ષિ વાલ્મિકીનો આશ્રમ છે, અરણ્યમાં સરિતાના પ્રશાંત તટપર બીજા એકાંતવાસી ઋષિમુનિના આશ્રમો પણ હશે જ. એકાંતવાસી ઋષિવરો દુન્યવી લોકો કરતાં સ્વાભાવિક રીતે જ વધારે દયાળુ તથા પ્રેમાળ હોય છે. એમાંના કોઇ તમને આશ્રય આપશે જ.'

'મને એની ચિંતા નથી.'

'તોપણ મને તો ચિંતા થાય જ.'

'શા માટે? મારાં કર્મોની મૂડી મારી સાથે છે. તે મારી સંભાળ રાખ્યા કરશે. બીજા બધા મારો ત્યાગ કરશે પણ તે તો ત્યાગ નહિ જ કરે. અરણ્યમાં રહેવા માટે હું ટેવાયેલી છું એટલે હરકત નથી.'

'મન માનતું તો નથી, છતાં પણ તમારી રજા હોય તો રામના આદેશાનુસાર હવે હું અયોધ્યા પાછો જઉં.' લક્ષ્મણે આંખનાં અશ્રુ લૂછીને ભારે હિંમત કરીને કહી દીધું.

'તમે વિશેષ વિલંબવિના શાંતિપૂર્વક જઇ શકો છો.'

'શાંતિ તો હવે તમને આ એકાંત, ઘોર, હિંસક પશુઓથી ભરેલા અરણ્યમાં મૂકીને જાઉં છું એટલે અહીં જ રહી જવાની. મારું અંતર તો તમને ફરી નહિ મળું ત્યાંસુધી અશાંતિની જ્વાળામાં જલતું જ રહેવાનું. વિધાતાએ અયોધ્યામાં સહીસલામત પાછા



લાવીને ઊર્મિલા તથા બીજાં સ્વજનોનો મેળાપ કરાવીને જે સુખ આપેલું તે તમારા વનવાસની ઘટના ઊભી કરીને લઇ લીધું. હવે તો એ જ્યારે પાછું મળે ત્યારે ખરું.'

લક્ષ્મણે રથને તૈયાર કરીને સીતાને પ્રણામ કર્યા.

સીતાએ એને આશિષ આપીને કહ્યું : 'મારું તો જે થવાનું હશે તે થશે, ને બધું સારું જ થશે, પરંતુ રામની સારી પેઠે સંભાળ રાખજો. એમને કોઇ જાતની તકલીફ ન પડે, અશાંતિ ન લાગે, અને એમનું દુઃખ હળવું થાય તે ખાસ જોજો.'

'એ કરતાં તો તમારો ત્યાગ કરી બેઠા છે. પરંતુ એમ કરીને એમણે દુઃખને જ વહોરી લીધું છે. એમને સુખી કરવા માટે મારાથી બનતો બધો જ પ્રયત્ન કરી છૂટીશ, પણ તમારાવિના એમને સંપૂર્ણ ને સાચા સુખનો અનુભવ નહિ થઇ શકે. એમના હૃદયને અને તમારા પ્રત્યેના પ્રેમને જાણું છું એટલે મને એની ખાતરી છે.'

'છતાં પણ એમની અશાંતિને ઓછી કરવાનો પ્રયાસ તો કરજો જ.'

'ભલે એ સિવાય કાંઇ કહેવાનું છે?'

'ઊર્મિલાને ખાસ આશ્વાસન આપજો. એ મારા વિયોગની વ્યથા નહિ જીરવી શકે. એ સમજુ છે એટલે વખતના વિતવા સાથે એની વ્યથા ઓછી થશે, માતા કૈકેયી, કૌશલ્યા તથા સુમિત્રા અને ભરતને પણ શાંતિ આપજો. શ્રુતકીર્તિ તથા માંડવીને પણ સમજાવજો. અને આ સમાચાર કોઇ રીતે મંદોદરીને ન પહોંચે તેનું ખાસ ધ્યાન રાખજો, નહિ તો મારે માટેની લાગણીને લીધે એ દારુણ દુઃખ તેમ જ શોકમાં ડૂબી જશે ને અયોધ્યામાં તથા

અહીં પણ દોડી આવશે. એ મારા ત્યાગના સમાચાર સાંભળીને બેસી નહિ રહે.'

'રામને કોઇ સંદેશો કહેવો છે?'

સીતાએ કહ્યું : 'હૃદય જ્યાં હૃદય સાથે વાતો કરતું હોય, ને બહારનાં બધાં જ બંધનોને તોડીને એક થયું હોય, ત્યાં શો સંદેશ? કોણ કોને સંદેશો મોકલે? છતાં પણ લૌકિક રીતે સંદેશો કહેવો હોય તો કહેજો કે તેમની ઇચ્છાના અમલમાં મારું સુખ સમાયેલું છે અને એ સુખનો અનુભવ કરી રહી છું. બાકી સંપૂર્ણ સુખ તો એમના સહવાસમાં જ સાંપડી શકશે. એ સહવાસ જ્યારે મળે ત્યારે ખરો. ત્યાંસુધી એમનું સ્મરણ કરીને મારું જીવન પૂરું કરીશ. રામને કહેજો કે એ મારી ચિંતા ન કરે. ચિંતા કરે તો એમને સમજાવીને શાંત રાખજો.'

એટલું કહેતાં તો સીતાનું હૃદય ભરાઇ આવ્યું.

થોડાક વખત પછી એ સ્વસ્થ બનતાં આગળ બોલી : 'એમને કહેજો કે મારું શરીર જ્યાંસુધી રહેશે ત્યાંસુધી હું એમને જ યાદ કર્યા કરીશ, એમનું ધ્યાન ધરીશ, અને એમનાં ચરણોમાં મારી નિષ્ઠા અથવા શ્રદ્ધાભક્તિ કાયમ રાખીશ અને એમને મળતાં પહેલાં કદાચ શરીર છૂટશે તો તે પછી પણ, જન્માંતરમાં એમની જ અર્ધાંગિની બનવાની પરંતુ એમનાથી કોઇ કારણે છૂટી ન પડવાની કામના કરીશ. વળી કહેજો કે હું એકલી છું તોપણ મને ઊંડે ઊંડે એટલો સંતોષ છે કે એમના યશને અક્ષય રાખવા માટે જ મેં એમના વિયોગની વેદનાને વધાવી લીધી છે. મારું આ સમર્પણ સહેતુક છે અથવા અસાધારણ આદર્શની પ્રતિષ્ઠાની ભાવનાથી પ્રેરાયેલું છે એટલા માટે મને તેનું દુઃખ નથી.' (ક્રમશઃ)

## * પ્રેમ અને આકર્ષણ *

પ્રેમ ને આકર્ષણના અર્થ વિશે આપણે ત્યાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે. એક માણસને–પુરુષ કે સ્ત્રીને બીજા પુરુષ કે સ્ત્રી તરફ આકર્ષણ થાય છે એટલે શું થાય છે તે ખબર છે? તે વ્યક્તિમાં રહેલો આત્મા બીજી વ્યક્તિમાં રહેતા આત્મા સાથે શરીર કે આંખના વાહનદ્વારા એકતા સાધવા પ્રયાસ કરે છે. આકર્ષણનો સાચો અર્થ એ જ છે. એ આકર્ષણ કેવળ માનવસૃષ્ટિ પૂરતું મર્યાદિત નથી, પણ જડચેતનના બધા જ પદાર્થો માટે સાચું છે. સૃષ્ટિના સઘળા પદાર્થો પરમાત્મતત્ત્વથી ભરપૂર છે. પરમાત્મા સૌમાં વ્યાપક છે. તેથી સૌમાં પરમાત્માનું દર્શન કરવાની ટેવ પાડવી જોઇએ. ધારો કે કોઇ પુરુષને કોઇ સ્ત્રી તરફ પ્રેમ કે આકર્ષણ થાય છે. તો તેણે વિચાર કરવો જોઇએ કે એ આકર્ષણ સ્ત્રીની અંદરના આત્માનું છે ને શરીરમાં આત્માનું અસ્તિત્વ છે તેથી થઇ રહ્યું છે. પોતાની અંદરનો આત્મા સ્ત્રીની અંદર રહેલા આત્મા સાથે પરિચય સાધે છે ને તેને લીધે આકર્ષણ ઉત્પન્ન થાય છે. એટલે તેનો લાભ લઇને માણસે તે સ્ત્રીની અંદર રહેલા આત્માનું દર્શન કરીને તેની સાથે એકતા સાધવી જોઇએ. તેના શરીર, તેની વાણી, દૃષ્ટિ તથા તેની સુંદરતા ને મધુરતામાં પરમાત્માનું દર્શન કરવું જોઇએ. તેમ કરીને માણસ સ્ત્રી તરફના પ્રેમ અને આકર્ષણને આત્મોન્નતિની સાધનાનું અંગ બનાવી શકે. આકર્ષણ સારું છે, પ્રેમ પણ સારો છે, ને સહજ છે. પણ તેનો ઉપયોગ આત્માની એકતાનો અનુભવ કરવા માટે થવો જોઇએ. તો જ તે હિતાવહ ને વંદનીય છે.

યોગેશ્વરજી

Regd. No. GBV 113

## * ઈશ્વરને જ વરવું *

સંસારના વધારે પડતા પ્રશ્નો ને વિષયવાસનાથી દૂર રહીને પોતાનું બધું જ ધ્યાન પોતાની જાતની ઉન્નતિ ને પરમાત્માની પ્રાપ્તિ પાછળ લગાડી દેવાનો સંકલ્પ તેણે કરી લેવો જોઈએ. જે વિનાશશીલ ને પરિવર્તનશીલ છે તેને વરવાથી શું મળે? તેની મમતા અને આસક્તિ કોઈને કાયમી સુખ, શાંતિ ને મુક્તિ કેવી રીતે અર્પણ કરી શકે? જો વરવું જ હોય તો સમજુ માણસે એક ઈશ્વરને જ વરવું જોઈએ. ઈશ્વરના ચરણોમાં જ પ્રીતિ કરવી જોઈએ, અને અવિનાશી ઈશ્વરની સાથે જ અનુરાગના દોરે બંધાઈ જવું જોઈએ. ઈશ્વરને મનોમન વરી લઈને, દિલમાં ઈશ્વરની લગન ભરીને, ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા તૈયાર થવું જોઈએ. ઈશ્વરના રૂપ, ગુણ ને ચારિત્ર્ય પર મુગ્ધ થવું જોઈએ. ઈશ્વરની બરાબરી કરી શકે એવી વસ્તુ સંસારમાં બીજી કઈ છે જેના પર માણસ મુગ્ધ થઈને વારી જાય? ઈશ્વર તો સંસારના સ્વામી છે. તેથી સંસાર કરતાં વધારે સુંદર, શક્તિશાળી ને સંપૂર્ણ છે. તેને છોડીને તે સંસારને ભજે ને પ્રીતિ કરે તે તેની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે? લગ્ન જીવનમાં પડેલા માણસોએ પણ પોતાના મનને ધીરે ધીરે વિશુદ્ધ ને ઈશ્વરપરાયણ કરવાનું છે. લગ્નજીવનનું શ્રેય તેમાં જ છે. જે સમય મળ્યો છે તેને સોનેરી સમજીને તેનો બનતો લાભ લેવા તૈયાર થવું જોઈએ.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. 1688 બી. સરદારનગર, ભાવનગર–1.